(૩૫૧) રબીઉલ અવ્વલની ખરી હકીકત પ્રાપ્ત કરનાર

હુઝૂર સલ.ની તાલીમ અને સુન્નતો પર અમલ કરવું એ જ રબીઉલ અવ્વલની સાચી હકીકત પ્રાપ્ત કરનાર છે જેમકે આંખોની સુન્નત એ છે કે જે ચીઝોથી સરકારે આલમ સલ.એ મના ફરમાવ્યું તે વસ્તુઓથી આપણે આંખોને બચાવીએ. જેણે આમ કર્યુ તેણે નબી સલ.ની સુન્નત અદા કરી. રબીઉલ અવ્વલની હકીકત તેણે પ્રાપ્ત કરી. જેણે પોતાના કાનને સંગીત (મ્યુઝીક) સાંભળવાથી બચાવ્યા તેણે રબીઉલ અવ્વલની હકીકત પ્રાપ્ત કરી. જેણે પોતાની ઝુબાનને ગુનાહોથી બચાવી, જેણે પોતાના ગુપ્તાંગોને ગુનાહોથી બચાવ્યા-પોતાની ઝીંદગીને હરામ કૃત્યોથી બચાવ્યા, અલ્લાહના પ્રકોપ અને ગુસ્સાના અમલોથી દૂર રહયો તેને દરેક સમયે રબીઉલ અવ્વલની હકીકત અને બરકત પ્રાપ્ત છે.

દરરોજ પાબંદીથી દુરૂદ શરીફ પઢવામાં આવે, દરરોજની દુઆઓમાં પહેલાં અને પાછળ દુરૂદ શ. પઢવામાં આવે તો પછી કયારેય આપણો રબીઉલ અવ્વલ આપણાથી અલગ (દૂર) નથી!

(આદાબે ઇશ્કે રસૂલ સલ. અઝ:- મૌલાના હકીમ મોહંમદ અખ્તર સા. રહ.)

(૩૫૨) અહકામે ઇલાહી અને તકવો ઇખ્તિયાર કરવાનો હુકમ.

કુર્આનશરીફમાં અલગ - અલગ જગ્યાએ વારંવાર અલ્લાહતઆલાએ આપણને હુકમ આપ્યો છે કે તકવો ઇખ્તિયાર કરો,તકવો ઇખ્તિયાર કરો,તકવો ઇખ્તિયાર કરો ઉપરાંત અલગ-અલગ સંદર્ભ,વિષય અને અલગ-અલગ ઉદાહરણો દ્વારા અલ્લાહતઆલાએ તકવો પ્રાપ્ત કરવાની તાકીદ ફરમાવી છે, આ કુર્આનપાકનો typical વિશિષ્ટ, લાક્ષણિક શબ્દ છે. અલ્લાહતઆલાએ કુર્આનપાક માં ફકત કાનૂન(હૂકમ) નથી બતાવ્યા પરંતુ તેની સાથે તકવાનો જરૂર ઉલ્લેખ ફરમાવ્યો, તકવાની અહમિયતનો અંદાજો એના પરથી આવે છે કે કુર્આન મજીદમાં જયાં પણ કોઇ હુકમ આપ્યો છે ફલાણું કામ કરો અને ફલાણું કામ ન કરો એના સાથે (તકવો ઇખ્તિયાર) કરવાનો નિર્દેશ દરેક જગ્યાએ આપ્યો હશે.જો કોઇ કાનૂન આપ્યો તો એના સાથે “ઇત્તકુલ્લાહ”નો સંદભ લગાવેલો હોય છે એવીજ રીતે વ્યાજના વિશે પણ આયતો છે (તજુમો) એ દિવસથી ડરો જયારે તમો બધા અલ્લાહના તરફ લોટાવવામાં આવશો અને જે કંઇ કમાએલુ હશે, જેવા અમલ કર્યા હશે એ દિવસે એનો પુરેપુરો બદલો આપવામાં આવશે અને કોઇપણ જાતનો ઝુલ્મ કરવામાં નહી આવે.(સૂ.બકરહ-૨૮૧) એટલાજ માટે દરેક કાનૂન સાથે અલ્લાહતઆલાએ તકવાનો જીકર ફરમાવ્યો છે,કે તકવો ઇખ્તિયાર કરો, ફકત કાનૂન દર્શાવવામાં નથી આવ્યો પરંતુ સાથે સાથે આપણને તકવાનો હુકમ પણ આપ્યો છે.(અઝઃ અલબલાગ ઉર્દૂ, કરાંચી-૨૦૧૮)

(૩૫૩) તકવો એટલે શું ?

તકવાનો અર્થ આ છે કે ઇન્સાનના દિલમાં દરેક વખતે આ ખ્યાલ અને એહસાસ રહે કે મારે એક દિવસ અલ્લાહની બારગાહમાં હાજર થવાનું છે અને દરેક અમલ નો જવાબ આપવાનો છે નાનુ કામ કરૂ અથવા મોટુ કામ કરૂ હું અલ્લાહના ત્યાં જવાબદાર છું.

આ ઝીદગી જે આપણે ગુજારી રહયા છે કોણ જાણે કયારે ખત્મ થઇ જશે, બેઠા બેઠા માણસ રૂખ્સત થઇ જાય છે, આ વાતમાં કોઇનો પણ મતભેદ નથી કે દરેક ઇન્સાનને મૌત આવવાની છે મૌતનો સમય આવવાની કોઇને ખબર નથી સાયન્સવાળાઓની દરેક સ્કીમો ફેલ થઇ ગઇ કે આ ઇન્સાન-આ માણસ હમારા સામે બેઠો છે તે કેટલા દિવસ જીવતો રહેશે? કોઇ પણ વખતે એની મૌત આવી શકે છે.

દુનિયામાં જેટલા પણ ગુનાહો લાંચ,રૂશ્વત, અત્યાચાર,ચોરી વગેરે (crime) થાય છે તેનું મૂળ કારણ એ છે કે માનવી તે વખતે અલ્લાહથી ગાફિલ અને તકવાથી દુર થયો હોય છે માનવીને તે વખતે ભાન જ નથી હોતું કે મારે અલ્લાહની સામે રજૂ થવાનું છે.

તકવાનો અર્થ આજ છે કે ઇન્સાન દરેક વખતે ધ્યાનમા રાખેકે જે કામ કરી રહયો છું એનો અલ્લાહને મારે હિસાબ આપવાનો છે, આ તકવોજ ઇન્સાનને સારો માણસ બનાવે છે.

(અઝઃ અલબલાગ ઉર્દૂ, કરાંચી-૨૦૧૮)

(૩૫૪) તકવા પ્રાપ્તિના દસ માધ્યમો (કારણો)

હઝ.મુજદ્દિદઅલ્ફેષાની શેખ અહમદ સરહિંદ (રહ.) એ તકવો પ્રાપ્ત કરવા માટે દસ **(૧૦)** બાબતોને જરૂરી ગણાવી છે અને ફરમાવે છે કે જયાં સુધી ઇન્સાન આ દસ બાબતોને જરૂરી (અનિવાર્ય) ન કરી લે ત્યાં સુધી તકવો પ્રાપ્ત થશે નહી.

(૧) ઝુબાનને ગીબત (નિંદા) થી બચાવવું. **(૨)** કોઇના પ્રત્યે ખોટા વિચારો(બદગુમાની)થી બચવું **(૩)** હરામ જોવાથી આંખોને બંધ રાખવું **(૪)** સાચુ બોલવું **(૫)** નમાઝોની હિફાઝત કરવી **(૬)** દરેક હાલતમાં અલ્લાહતઆલાનો શુક્ર અદા કરવો જેથી પોતાનો નફસ (અંતરાત્મા) ઘમંડી ન થઇ જાય. **(૭)** ઠઠ્ઠા મશ્કરીથી બચવું **(૮)** પોતાનો માલ નેક કાર્યોમાં ખર્ચ કરવો અને ખોટા માર્ગે માલ ખર્ચ કરવાથી બચવું **(૯)** પોતાના નફસ (soul psyche) માટે મોટાઇ ન ઇચ્છવી **(૧૦)** અહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓ (માન્યતાઓ) પર અડગતાથી વળગી રહેવું.(★અહલે સુન્નત વલ જમાઅત તે લોકો કહેવાય છે જેઓ અલ્લાહ અને રસૂલુલ્લાહ(ﷺ) ની તાબેદારી પર શ્રધ્ધા ધરાવતા હોય સુન્નતોની પેરવીની સાથે સહાબએ કિરામ (ﷺ) પ્રત્યે આદરભાવ ધરાવતા હોય. આ વર્ગ ઇસ્લામમાં મધ્યમમાર્ગને વરેલો છે.★) (મકતુબાતે ઇમામ રબ્બાની મકતુબ-૬૬/૨ બહવાલા તકવા ઓર ઉસ્કે ષમરાત)

(૩૫૫) ગૌસુલ આઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો)

(૧) શરૂ કરવું તારૂ કામ છે અને પૂર્ણ કરવું અલ્લાહપાકનું **(૨)** બિન જરૂરી વાતનો જવાબ આપવાથી પણ ઝુબાનને બંધ રાખો જેથી બેકાર વાતોથી બચી શકાય. **(૩)** તે ઘણો જ બદનસીબ ઇન્સાન છે કે જેના દિલમાં અલ્લાહતઆલાની જાનદાર મખ્લુક પર રહમ (દયા) કરવાની આદત ન હોય. **(૪)** તમામ ખૂબીઓનું કેન્દ્ર ઇલ્મ શીખવું અને તેના પર અમલ કરવું પછી બીજાઓને શીખવાડવું છે. **(૫)** ખંડેર કબરો પર વિચાર કરો કે કેવી કેવી સુંદર વિભૂતીઓ માટીમાં ભળી ગઇ. **(૬)** જે ખુદાતઆલાને ઓળખી લે છે તે લોકોની સામે વિનમ્ર થઇ જાય છે. **(૭)** ગુમનામીને પસંદ કરો એમાં શોહરતની સરખામણીમાં ઘણી શાંતિ છે. **(૮)** દુનિયાદાર લોકો દુનિયાની પાછળ દોડી રહયા છે અને દુનિયા અલ્લાહવાળાઓની પાછળ. **(૯)** મુસ્તહિક ફકીર (deserving begger) અલ્લાહતઆલાની ભેટ છે જે બંદા તરફ મોકલવામાં આવે છે. **(૧૦)** અલ્લાહની નજીકતા તે જ પ્રાપ્ત કરી શકે છે જે તેની મખ્લૂક (સર્જન) પર કૃપા- દયાભાવ રાખે છે.(સંદર્ભ: મખઝને અખ્લાક)

(૩૫૬) ગૌસુલઆઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો)

(૧૧) તને લોકો તકબ્બૂર કરવાથી મોટો નહી સમજે બલ્કે નમ્રતાથી મોટો બનશે. **(૧૨)** પોતાના દિલને ફકત અલ્લાહતઆલા (ની ઇબાદત) માટે ફારિગ (free)રાખો અને પોતાના અંગોથી પત્નિ-બાળકો ના રોજી-રોટી માટે મશ્ગુલ રહો, કારણ કે એ પણ અલ્લાહના હૂકમની તાબેઅદારી છે. **(૧૩)** અલ્લાહતઆલા પોતાના બંદાઓથી કર્ઝ માંગે છે અને તેનું માધ્યમ ગરીબ (માંગનારા) લોકો છે. **(૧૪)** એ માનવી! તું મકાનોના બનાવવામાં જીવન ખર્ચ કરે છે, તેમાં રહેશે બીજા અને હિસાબ આપશે તુ. **(૧૫)** લોકો તરફ નજર રાખવી એટલે અલ્લાહતઆલા તરફ પીઠ કરવા (મોઢુ ફેરવવા) સમાન છે.**(૧૬)** ખર્ચમાં મધ્યમમાર્ગ (moderation) અડધી કમાઇ છે અને સારૂ ચારિત્ર્ય (good character) અડધો દીન છે. **(૧૭)** મુસીબતોને છુપાવ, અલ્લાહપાકની નઝદીકી પ્રાપ્ત થશે. **(૧૮)** ઝીદગીના દરવાજાને જયાં સુધી ખુલ્લો છે મોકો (ગનીમત) સમજો અને નેકીના કામોને જયાં સુધી તાકત છે ત્યાં સુધી તક (સદભાગ્ય) સમજો **(૧૯)** અમલ (આચરણ) વગરની વાત અને ઇખ્લાસ (sincerity) વગરનો અમલ (કાર્ય) અસ્વીકાર્ય છે. **(૨૦)** જે અલ્લાહતઆલાના હૂકમોની તાબેઅદારી ન કરે નિશંક (સ્વભાવિક છે કે) તે અલ્લાહપાકની ખુશનુદી (pleasure) થી મહરૂમ (વંચિત) રહે છે.

(સંદર્ભ: મખઝને અખ્લાક)

(૩૫૭) શૈખ અ.કાદિર જીલાની રહ. ની અમૂલ્ય નસીહતો

(૧) ઇચ્છાઓના ગુલામ ન બનો, માલદાર બનવાની ઇચ્છા ન રાખો. **(૨)** અમલ વિના ઇલ્મ વ્યર્થ છે. જાણી જોઇને જાહિલ ન બનો અને શિખેલ ઇલ્મ પર અમલ કરો. **(૩)** પોતાની જાઇઝ રોઝી કમાઓ અને ખાઓ તથા તેમાથી હમદર્દી પણ દાખવો. **(૪)** જયાં સુધી ઝિંદગીનો દરવાજો ખુલ્લો છે એને ગનીમત સમજો. **(૫)** ઇમાનવાળાઓની આઝમાઇશ અને કસોટી થાય છે. **(૬)** ખિદમત કરો, માનવવંત બની જશો. **(૭)** અંતરનો જિહાદ બાહ્ય સંઘર્ષ કરતા કઠીન છે. **(૮)** દૂનિયા તમારા હાથમાં ભલે રહે પરંતુ દિલ પર તેનો કબજો ન થવા દો. **(૯)** દિલને અલ્લાહની યાદથી આબાદ રાખો. **(૧૦)** ખુદાની મોહબ્બતનો જ દિલ પર કાબૂ જાળવી રાખો.

હઝ.શૈખ અ.કાદિર જીલાની રહ. ફરમાવે છે કે "દરેક મોઅમીન માટે પ્રત્યેક પરિસ્થિતિમાં **ત્રણ** વાતોને વળગી રહેવું જોઇએ.

(૧) અલ્લાહતઆલાના હુકમોનું પાલન કરવું
(૨) નાજાઇઝ કામોથી બચવું
(૩) અલ્લાહતઆલાની મરજી અને તકદીર પર રાજી રહેવુ. આ ત્રણ ગુણો મોઅમીન માટે ખૂબ જ જરૂરી છે.

(૩૫૮) નાના બળકોને નેક લોકોના (વ્યવસ્થિત) કપડાં પહેરાવો:

નાના બાળકોની બાબતમાં ખુબજ જરૂરી વાત એ છે કે નાના માસૂમ ભુલકાઓને બાળપણથી જ નેક લોકોનો પોષાક પહેરવાની આદત બનાવવી જોઇએ વિશેષ રૂપે બાળકીઓનો પોષાક અંગો પુરેપુરા ઢંકાઇ એવા હોવા જોઇએ અને જયારે મોટી થવા લાગે તો ઓઢણી કે દુપટ્ટો તેમના માથા ઉપર હોય એવી આદત બનાવો.

અફસોસ એ છે કે આ બાબતમાં સારા સારા દીનદાર ઘરોમાં પણ બેએહતિયાતી (બેતવજ્જુહી) જોવા મળે છે આજકાલ બાળકોના સીવેલા તૈયાર (રેડીમેડ) કપડાં બજારમાં વિશાળ પાયે મળતા હોય છે, તો લોકો કોઇ પણ જાતના ખંચકાટ વિના તેજ કપડાંઓ બાળકો અને બાળકીઓને પહેરાવે છે જે પૈકી કેટલાક કપડાં એટલા વિચિત્ર-વિવેકહીન-વાહિયાત(absur) અને નિર્લજ્જ હોય છે કે તેમને જોઇને શરમ આવે છે. પરંતુ નાના વાળકો હોવાનું બહાનું કાઢી કોઇ પણ જાતના વિવેક અને વિચાર કર્યા વગર પહેરાવી દેવામાં આવે છે પરંતુ આ અવિવેકી વર્તનનું પરિણામ એ આવે છે કે મોટા થઇને બાળકીઓ તે જ ગેર શરઇ (ફેશનેબલ) કપડાંને સારા ગણે છે, પસંદ કરે છે અને બાળકીઓ મોટા થવા પછી આવા બેહુદા અને બેગૈરતી ભર્યા પોષાક પહેરવામાં બિલ્કુલ શરમ કે સંકોચ અનુભવતી નથી- જેથી માતા-પિતાએ યાદ રાખવું જોઇએ કે આ કોતાહી - બેધ્યાની (bestowed) ના કારણે બાળકો જે ગુનો પણ આચરશે માતા પિતાને પણ આખિરતમાં તેની પૂછ થશે,અલ્લાહને ત્યાં જવાબ આપવો પડશે.(અઝ: મુફ્તી સૈયદ મો.સલમાન મનસુરપૂરી સા. દા.બ.)

(૩૫૯) શિયાળો અને સ્વાસ્થ્ય

જે લોકો ફિટનેસ ઝંખે છે તેઓ વ્યસ્ત શિડ્યુલ વચ્ચે પણ સમય કાઢીને કસરત કરી જ લેતાં હોય છે. કોઇપણ વ્યક્તિએ વધુમાં વધુ ૪૫ મિનિટ અને ઓછામાં ઓછી ૧૫ મિનિટ પોતાની જાત માટે ફાળવવી જોઇએ.કોઇ પણ એકસર્સાઇઝ કે બેલેન્સ ફૂડ (સમતોલ આહાર) ખાવાની આદત માટે સેલ્ફ મોટિવેશન (સ્વપ્રેરણા) પણ ખૂબ મહત્ત્વનું છે.

આટલું ધ્યાન રાખો

(૧) હરતાં-ફરતાં રહો. બેઠાડુ જીવન નહી ચાલે, ચાલતાં ચાલતાં વાત કરો. ઘરના કામમાં મૂવમેન્ટ કરો.

(૨) ભોજન સ્માર્ટલી (જલ્દી,ચાલાકીથી) ખાઓ. જયારે તમારી થાળીમાં ભોજન પીરસાય ત્યારે તમને ખ્યાલ હોય જ છે કે કઇ વસ્તુ ખાવા જેવી છે અને કઇ નહી.

(૩) શરીર માટે સ્ટ્રેન્થ ટ્રેઇનિંગ (શકિત પ્રશિક્ષણ) ખૂબ જ જરૂરી છે. ઉંમર વધતી જશે તેમ-તેમ હાડકાં નબળાં પડશે અને સ્નાયુઓ ઢીલા પડશે ત્યારે સ્ટ્રેન્થ ટ્રેનિંગ જ કામ લાગશે.

(૪) પોતાની જાતને હાઇડ્રેટ (જલ મિશ્રિત) કરતા રહો. શરીરને પૂરતા પ્રમાણમાં પાણી મળવું જરૂરી છે.

(૫) પોઝિટિવ રહો. તમારી હકારત્મકતા તમને કોઇ પણ સંજોગોમાં બચાવેલ રાખશે.

(અભિયાન. તા.૧૬ માર્ચ ૨૦૧૯. પેજ: ૪૯)

(૩૬૦) શિયાળો અને નફલ રોઝહ

હઝ.અબુ હુરયરહ(ﷺ) થી રિવાયત છે કે નબીએ કરીમ(ﷺ) એ ફરમાવ્યું "દરેક વસ્તુની ઝકાત હોય છે, અને બદનની ઝકાત રોઝહ છે."

નબીએ કરીમ(ﷺ)એ ફરમાવ્યું કે સરદીની મોસમ મોઅમીનના માટે મોસમે બહાર (વષંત-spring) છે, દિવસ નાનો હોય છે તો ઇન્સાન આરામથી રોઝો રાખી લે છે, અને રાતો લાંબી હોય છે તો રાતના છેલ્લા સમયમાં ઉભો થઇ તહજ્જુદની નમાઝ (સરળતાથી) પઢી લે છે.

નબીએ કરીમ(ﷺ) એ ફરમાવ્યું સરદીના રોઝહ એ ઠંડો માલે ગનીમત છે.

આ ત્રણેવ રિવાયતોનો હેતુ નફીલ રોઝાઓની ફઝીલત બયાન કરવું છે. ઉપરાંત શિયાળાની ઋતુને મોકો સમજી તેમાં જે કામ આસાનીથી થઇ શકે છે તેને અદા કરવું છે.

નબી (ﷺ) એ ફરમાવ્યું કે ઠંડીના રોઝા ઠંડો માલે ગનીમત છે. એટલેકે તેમાં તકલીફ અને મેહનત વધારે કરવી પડતી નથી અને રોઝા આરામથી પુરા થઇ જાય છે. આપણે તો લગભગ ૧૫ કલાકના ઉનાળાની ઋતુના રોઝા રાખ્યા છે. અને સાથે પોતાના બધા કામો પણ કર્યા છે. માટે હવે જો શિયાળામાં બાર-સાડા બાર કલાકના રોઝા રજાઓના દિવસોમાં રાખવામાં આવે તો આ રોઝા ખુબ આસાન થઇ જશે.નબીએ કરીમ(ﷺ) પુરા વર્ષ નફલી રોઝા રાખતા હતા દરેક મહીનામાં ત્રણ રોઝા જરૂર રાખતા હતા,અને આ નસીહત આપ એ સહાબા રદી.ને પણ ફરમાવી હતી.અલ્લાહતઆલા આપણને બધાને નેક તૌફીક આપે. **આમીન.**

(૩૬૧) શિયાળો અને નફલ રોઝહ :

શાણો માણસ તે હોય છે જે તકનો લાભ ઉઠાવે. દીની કામોમાં પણ જે માણસ મોકાથી ફાયદો ઉઠાવે તે વ્યકિત કામિયાબ થઇ જાય છે. આ દુનિયામાં ઝડપથી ફેરફારો જોવા મળે છે. આ બદલતી દુનિયામાં મોકાનો લાભ ઉઠાવવાનો કુર્આનનો પણ હુકમ છે. અને નબીએ કરીમ(ﷺ) ની તાલીમ પણ છે. ગરમીમાં નફલ રોઝા રાખવા પ્રમાણમાં મુશ્કિલ હોય છે. જો કે નબીએ કરીમ(ﷺ) આખુ વરસ નફલ રોઝા રાખતા હતા.

સતત ખાવુ પીવુ તંદુરસ્તી માટે નુકસાન કારક છે. જેટલી પણ બીમારીઓ છે સુગર, બ્લડપ્રેસર, જાડાપણું વગેરે ખાવાથી પેદા થાય છે. ન ખાવાથી કોઇ બીમારી થતી નથી

બીજી એક અગત્યની વાત એ પણ છે કે, સ્ત્રીઓના જીમ્મે ઘણા બધા ફર્ઝ રોઝા કઝા (બાકી) હોય છે.(ઇલ્લા માશાઅલ્લાહ)તો જો મર્દો પોતાની રજાના દિવસે રોઝા રાખવાની નિય્યત કરી લે અને મિંયા-બીબી બન્નેવ રોઝો રાખે તો ઓરત માટે રોઝો રાખવો આસાન થઇ જશે. અને આ રીતે શોહરને ફકત નફલ રોઝાનો સવાબ નહી મળશે બલ્કે એનો પણ સવાબ મળશે કે તેણે પોતાની ઓરતના ફર્ઝ રોઝા અદા કરવામાં મદદ કરી. આ રીતે એક મહીનામાં તેણીના ચાર-પાંચ રોઝાની અદાઇગી કરાવી શકાય છે.

હુઝૂરે પાક(ﷺ) આખુ વર્ષ મહીનામાં ત્રણ, નફલ રોઝા રાખતા હતા. કોઇ મહીનો એવો નથી ગયો કે જેમાં આપ સલ.એ નફલ રોઝા ન રાખ્યા હોય. (અલ બલાગ ઉર્દુ – કરાંચી,૨૦૧૭)

(૩૬૨) શિયાળો અને નવાફિલ :

નબીએ કરીમ(ﷺ) એ ફરમાવ્યું કે શિયાળાની ઋતુ મોઅમીન માટે પુરબહાર સીઝન છે, તેમાં દિવસ નાનો હોય છે તો (સરળતાથી) રોઝો રાખી લે, અને એની રાત લાંબી હોય છે તો (આસાનીથી) તહજ્જુદ માટે ઉભો રહે છે.

ઇન્સાન થોડા થોડા સમયે રોઝા રાખતો રહે જેમકે અઠવાડીયામાં એક દિવસ અથવા મહીનામાં ત્રણ દિવસ તો અંધાધુંધ ખાવાને બ્રેક લાગશે સાથે જ તંદુરસ્તી પણ જળવાઇ રહેશે.

નફિલ નમાઝોમાં સૌથી અફઝલ તહજ્જુદની નમાઝ છે. કોઇ (નફિલ) નમાઝ આટલી બરકત વાળી અને અગત્યની નથી જેટલી કે તહજ્જુદની નમાઝ છે. આ સમય દુઆની કબુલિયતનો પણ હોય છે. જેમાં અલ્લાહતઆલા એલાન ફરમાવે છે કે “છે કોઇ મુસીબતમાં સપડાએલ કે હું એને આફિયત આપુ, છે કોઇ રોઝીનો માંગનાર જેને હું રોઝી આપું, છે કોઇ માફી માંગનાર જેને હું બખ્શી આપુ.” અગર માણસ કલાક અડધો કલાક અઝાન પહેલા ઉઠીને અલ્લાહ સામે આજીઝીપૂર્વક હાથ ફેલાવે તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ ફરમાવે છે. લોકો પોતાના મકસદ માટે વઝીફાઓ શોધે છે, પરંતુ સૌથી શ્રેષ્ઠ વઝીફો એ છે કે તહજ્જુદમાં ઉઠીને અલ્લાહથી માંગવું, આ સમયે અલ્લાહપાક પોતે પુકારે છે અને આપવા માટે તૈયાર હોય છે.

(મફતી મહમુદ અશ્રફ ઉસ્માની સા.દા.ઉ.કરાંચી)

(૩૬૩) વાલિદૈનની ખિદમત પણ જિહાદ સમાન છે..

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર(ؓ)થી રિવાયત છે કે એક માણસ નબી(ﷺ)ની ખિદમતમાં આવ્યા અને એમણે આપ(ﷺ)થી જીહાદમાં જવાની ઇજાઝત માંગી તો આપ(ﷺ)એ ફરમાવ્યુંઃ શું તારા માં-બાપ હયાત(જીવતા) છે? એમણે કહ્યું ‘જી-હાં’ આપ(ﷺ) એ ફરમાવ્યુંઃ એમની ખિદમતમાં રહો તારા માટે આ જીહાદ છે. એવીજ રીતે એક બીજો પ્રસંગ હદીસમાં છે કે એક માણસ નબી (ﷺ) ની ખિદમતમાં હાજર થયા અને અર્જ કર્યુ, યા રસુલુલ્લાહ (ﷺ) હું આપની પાસે હિજરત પર બયઅત કરવાની નિય્યતથી હાજર થયો છું અને મેં મારા મા-બાપને(મારી જુદાઇમાં) રડતા છોડયા છે, આપ (ﷺ)એ ફરમાવ્યુંઃ એમના પાસે પાછા જાવ અને એમને હસાવો જેવી રીતે એમને રડાવ્યા.(અબુદાઉદ)

ઘરમાં દાખલ થતી વખતે ઇજાઝતનો તરીકો

હઝ.રબીઅબિન હારશ (ؓ) કહે છે કે અમોને બની આમીરના એક માણસે બયાન કર્યુ કે મેં રસુલુલ્લાહ(ﷺ) થી ઘરમાં દાખલ થવાની રજા માંગી જયારે કે આપ(ﷺ) ઘરમાંજ હતા. એ માણસે કહ્યું કે શું હું દાખલ થઇ જાઉ? આપ(ﷺ) એ પોતાના ખાદીમથી ફરમાવ્યુ કે એના પાસે જાઓ અને એમને ઇજાઝત લેવાનો તરીકો શિખવાડો- એનાથી કહો કે આ પ્રમાણે કહેઃ અસ્સલામુ અલયકુમ! શું હું દાખલ થઇ જાઉ? એ માણસે સાંભળી લીધુ તો એણે કહ્યું અસ્સલામુ અલયકુમ! શું હું દાખલ થઇ જાઉ? તો નબીએ કરીમ(ﷺ) એ એને રજા આપી અને તે દાખલ થઇ ગયા. **(સુનને અબુદાઉદ શરીફ)**

(૩૬૪) વ્યવસ્થિત જીવનનો એક અગત્યનો સિધ્ધાંત..

દીને ઇસ્લામ(ઇસ્લામ ધર્મ) આપણને તાલીમ આપે છે કે આપણે દુનિયામાં ફકત ઝિંદગી નથી પસાર કરવાની, પરંતુ એક હેતુ સાથે વ્યવસ્થિત ઝિંદગી ગુઝારવાની છે. ઇસ્લામી તાલીમાતમાં ડગલેને પગલે વ્યવસ્થિત જીવનની તાલીમ આપવામાં આવી છે. કહેવામાં આવે છે, જે માણસ પોતાની ઝિંદગી વ્યવસ્થિત અને સિધ્ધાંત સાથે પસાર કરે છે તે ફળદાર ઝાડ સમાન છે, નહીતો કાટાંવાળી ઝાડી છે જેનાથી દરેકને નફરત થાય છે, પોતાની ઝિંદગીને વ્યવસ્થિત બનાવવાનો એક ઉપાય છે કે પહેલાં પોતાના કાર્યો અને ઝિમ્મેદારીઓની નોંધ કરો. દરરોજ સવારમાં બે મિનિટ કાઢીને થોડું વિચારો કે આજે મારે કયા કયા કામ કરવાના છે, વેપાર,કારોબાર નોકરી બાબતે હોય અથવા ઘર વિશે હોય એક નાની ડાયરીમાં એને લખી લેવામાં આવે,એ રીતે પાછળથી કોઇ કામ નીકળી આવેતો એને પણ નોંધી લેવામાં આવે. જેમ જેમ કામ થતું જાય, અલ્હમ્દુલિલ્લાહ પઢીને એના પર નિશાન લગાવતા જાય, જે કામ કોઇ કારણસર પુરું ન કરી શકાય એને આગલા દિવસની લીસ્ટમાં લખી લો, ઇન્શાઅલ્લાહ આ પ્રમાણે કરવાથી માનસિક શાંતિ રહેશે, ટેન્શનથી હિફાઝત રહેશે, સમય બચશે એક કામને પુરૂ કરવા પછી બીજા કામ માટે વિચારવું નહી પડે.કોઇ જવાબદારી આવી જાયતો ત્યાં હમારો દેખાવ-પ્રભાવ (perfoomance) સારો રહેશે. તકલીફ અને નુકસાનથી બચી જશો. સૌથી મોટો ફાયદો એ થશે કે કોઇ કામ ભુલી જવા પછી અચાનક યાદ આવવાના કારણે તકલીફમાં પડી જઇએ છીએ અને ખ્યાલ આવે છે કાશ! આ કામ તે વખતે યાદ અવી જતે એવા દુઃખ (અફસોસ)થી બચી જવાશે. ઇન્શાઅલ્લાહ આમ ધીરે ધીરે આપણી ઝિંદગી વ્યવસ્થિત થઇ જશે, જે આપણા માટે રાહતનો સબબ બનશે અને આપણા સગાસબંધીતો પણ તકલીફ અને પરેશાનીનો શિકાર નહી બને. (અલબલાગ ઉર્દુ, કરાંચી)

(૩૬૫) માફ કરવું,જવા દેવું (To forgive and Do let go)

હુઝુરે પાક(ﷺ) નો ઇરશાદ છે કે ‘બંદાના માફ કરી આપવાથી અલ્લાહતઆલા એની ઇઝઝતમાં વધારો ફરમાવે છે.’ (તિરમિઝી શ.)

આ ટૂંકી હદીસમાં તે લોકોની માન્યતા સુધારવામાં આવી છે કે જેઓ એમ સમજે છે કે જો બદલો ન લેવામાં આવે અને માફ કરી દેવામાં આવે તો અમારા પ્રભાવ - રૂઆબ અને ઇઝઝતમાં ફર્ક પડી જાય છે જેથી એક કદમ આગળ વધીને ઇંટનો જવાબ પથ્થરથી અને શેરના માથે સવાશેર થઇ જવાબ આપવો જોઇએ જેથી બીજીવાર હિંમત ન કરે અને રૂઆબ અને પ્રભાવ એમના પર છવાએલો રહે.

હુઝુરે અકરમ(ﷺ) એ આજ માન્યતા અને ભ્રમની ઇસ્લાહ ફરમાવી છે જેનો ખુલાસો એ છે કે બદલો લેવાથી તાત્કાલિક દિલનો ઊભરો શમી જઇ દિલોને શાંતિ થઇ જાય છે અને કમજોર પર ધાક પણ બેસી જાય છે, પરંતુ એનાથી કોઇ કાયમી ઇઝઝત અને પ્રભાવ જે લોકોના દિલો પર બેસે છે તે પ્રાપ્ત નથી થતો,બલ્કે કાયમી ઇઝઝત, નેક પ્રભાવ અને છાપ તથા દિલમાં કોઇની ઇઝઝત પૈદા થવાનો એક માત્ર માર્ગ એજ છે કે બદલો લેવા માટે શકિતમાન હોવા છતાં બદલો ન લેવામાં આવે બલ્કે જતુ કરી ખુલ્લા દિલથી માફ કરી દેવામાં આવે તો અલ્લાહતઆલાનો વાયદો છે કે એવી વ્યકિતને ઇઝઝત અને મહાનતા અર્પણ કરશે.

(૩૬૬) પુત્રની જુદાઇ અને આખિરતમાં સિફારિશ

હઝ.ઇબ્ને અબ્બાસ(ﷺ) ફરમાવે છે કે “મેં નબીએ કરીમ (ﷺ) થી સાંભળ્યું છે કે મારી ઉમ્મતમાંથી જેના બે પુત્રોનો ઇન્તિકાલ થયો હોય, અલ્લાહતઆલા એને જન્નતમાં દાખલ કરશે.

હઝ.આઇશા (ﷺ) એ પુછયું: આપ (ﷺ)ની ઉમ્મતમા જેના એક પુત્રનો ઇન્તિકાલ થયો હોય (એનો શું હુકમ છે?) આપ (ﷺ) એ ફરમાવ્યુ : (આ ફઝીલતને પ્રાપ્ત કરવા માટે) એક પણ કાફી છે,એ નેક ઓરત. હઝ. આયશા રદી. એ ફરી પુછયુ: જો કોઇનો એક પણ પુત્ર ન હોય? આપ (ﷺ) એ ફરમાવ્યું : હું પોતાની ઉમ્મતનો “ફર્ત” છું, મારી ઉમ્મતના માટે કોઇની જુદાઇની તકલીફ મારા જુદાઇની તકલીફથી વધારે નથી.

તશરીહ : ફર્તનો અર્થ છે કે એવો માણસ જે કાફલાના પહોંચવાથી પહેલા જઇને એ કાફલાના માટે વ્યવસ્થા કરે.હદીસનો મતલબ આ છે કે જેવી રીતે નબીએ કરીમ સલ.ના ઉમ્મતીઓના પુત્રો નો ઇન્તિકાલ થઇને પોતાના માં-બાપના માટે આખિરતનો ઝખીરો - એટલે કે એમના સિફારશી (ભલામણ કરનાર) બનાવી દેવામાં આવે છે, એવીજ રીતે કયામતના દિવસે જેમના પુત્રો નથી એમના તરફથી શફાઅત રસુલુલ્લાહ (ﷺ) ફરમાવશે.(અલબલાગ–ઉર્દૂ,દા.ઉ. કરાંચી,૨૦૨૧)

(૩૬૭) અવલાદ અલ્લાહની નેઅમત અને અમાનત

અવલાદ માત્ર અલ્લાહની ભેટ અને મોટી નેઅમત છે એની કદર તેમનાથી પુછી શકાય જેઓ આ નેઅમતથી મહરૂમ છે.

જેથી આ મહાન નેઅમતની કદર કરવી જોઇએ અને તેમના પ્રત્યે આપણી જે જવાબદારીઓ છે તેને પૂરી કરવી આપણી ફરજ છે. અવલાદની અમાનતનો હક ત્યારેજ અદા થશે જયારે આપણે અવલાદની સારી રીતે તરબીયત કરીએ,સારી તાલીમ અને સંસ્કાર સિંચન કરીએ, સારા અખ્લાક શીખવાડીએ,સારી શિક્ષણની વ્યવસ્થા કરીએ તો જ કહી શકાય કે આપણે અવલાદ રૂપી અમાનતનો હક અદા કર્યો.

જો અવલાદ પ્રત્યે કોતાહી અને ગફલત વર્તવામાં આવે, તેમની દીની તાલીમ અને તરબિયતની વ્યવસ્થા નહી કરવામાં આવીતો આપણે અલ્લાહની નજરમાં તેની અમાનતમાં ખ્યાનત કરનાર ઠરીશું તથા આખિરતમાં તેના માટે આપણી પકડ થશે.

માટે પોતાના બાળકો પર પુરતું ધ્યાન આપો, યોગ્ય સમય આપો અને પ્રયત્નો કરવા જોઇએ કે આપણું કોઇ બાળક દીની તાલીમ,જરૂરી અદબ,અખ્લાક અને સંસ્કારથી મહરૂમ (વંચિત) ન રહી જાય.(અઝ : કિતાબુલ વઅઝ વ તઝકીર)

(૩૬૮) બાળઉછેર સંબંધી માર્ગદર્શક સિધ્ધાંતો..(૧)

(૧) સૌપ્રથમ અવલાદની તરબીયત માટે જરૂરી છે કે એમના પર ભરોસો રાખવામાં આવે અને એમને પોતાનો ફેસલો અને દરરોજના કામમા સાચો માર્ગ પ્રાપ્ત કરવાની આઝાદી આપવામાં આવે. અવલાદને પોતાની મરજી મુજબ રાખવું ઘણું આસાન છે,પરંતુ એમને પુરી આઝાદી આપવા પછી એવી તરબીયત આપવી કે તે પોતેજ સહી અને પોતાના પસંદ કરેલા રસ્તા પર ચાલે એ ઘણુ મુશ્કિલ કામ છે.

અવલાદ પર પોતાના ભરોસાને એમની સામે વખતો વખત જાહેર કરતા રહેવું. એનાથી એમનામાં સારા કામ કરવની ઉમંગ પૈદા થાય છે અને એમનો આત્મવિશ્વાસ વધે છે, માં-બાપ પણ એમની કોશીશ અને મેહનતની કદર કરે.

(૨) બીજુ એ કે કારણ વગર રોક ટોકથી બચે-અવલાદની તરબીયત ઘણુ કઠીન અને ધૈર્યવાળુ કામ છે એમાં સબ્ર અને સહનશીલતાની જરૂર હોય છે.

(3) ત્રીજી બાબત એ કે તરબીયત તકરીર અને નસીહતના બદલે અમલથી વધારે સારી અને જલ્દી થાય છે કલાકો અવલાદને કોઇ કામ માટે લેકચર આપતા રહો એનાથી એટલો અસર નહી થાય જેટલો તમોને કરતા જોશે આ તરીકો આપણને શરીઅતમાં રસુલુલ્લાહ (ﷺ) ના અમલથી પ્રાપ્ત થાય છે જયારે તમો સુન્નત પર અમલ કરતા થઇ જશે તો આ ઉસુલો પર અમલ કરવુ આપણી આદત બની જાય છે. (બાકી..)

(૩૬૯) બાળઉછેર સંબંધી માર્ગદર્શક સિધ્ધાંતો..(૨)

(૪) અવલાદના વચ્ચે કદી મુકાબલો (સરખામણી) ન કરવો જોઇએ અને ન કોઇ બીજા છોકરાઓ સાથે પોતાના છોકરાઓની તુલના કરે, અલ્લાહતઆલાએ દરેક બાળકને ખાસ ગુણો (ક્ષમતા) નવાઝેલા હોય છે. માં-બાપનો ફરજ છે કે એમને સમજે અને એ ગુણોને વધારે વિકસાવવા અને બેહતર કરવાની કોશીશ કરે, એક વાત કોઇ બાળકમાં સારી હોય તે પોતાના બાળકમાં પૈદા થઇ જાય એ જરૂરી નથી. દરેક ઇન્સાન પ્રકૃતિ અને સલાહિયત (કાબિલિયત-ક્ષમતા) ની દૃષ્ટિએ અન્યોથી ભિન્ન હોય છે. આ એક કુદરતી નિયમ છે જેને આપણે જબરદસ્તી બદલી શકતા નથી, જેથી કોશીશ એ કરવી જોઇએ કે બાળકમાં કોઇ વિશિષ્ટ ગુણ (ability) હોય જે શરઇ દૃષ્ટિએ ગલત નથી તો તેના ઉપર પાબંદી (રોકટોક) ન લગાડો બલ્કે તેને પ્રોત્સાહન આપો.

(૫) બાળકોને ભવિષ્યમા પોતાની મરજી મુજબ વિષય (ક્ષેત્ર) પસદંગીની સ્વત્રંતા હોવી જોઇએ. ખૂબ લાડપ્રેમથી મેહનત કરીને બાળકોને ઉછેરીએ છીએ. જેથી કુદરતી રીતે માતા-પિતાની ઇચ્છા એવી હોય છે કે બાળકો દરેક કામ તેમની મરજી પ્રમાણે કરે. ઘણા વાલીઓ પોતાના બાળકોને જબરદસ્તી તેમની ઇચ્છા વિરૂધ્ધ પોતાની મરજી મુજબ વિષય (ક્ષેત્ર) પસંદ કરવા માટે મજબુર કરે છે આ બાબત ઘણીવાર બાળકોના ભવિષ્ય માટે નુકસાન કારક સાબિત થાય છે. (બાકી..)

(૩૭૦) બાળઉછેર સંબંધી માર્ગદર્શક સિધ્ધાંતો..(૩)

(૬) એક ખાસ બાબત એ પણ જરૂરી છે કે પોતાની જવાબદારીઓ અને ઘરની જવાબદરીઓ વચ્ચે સંતુલન/બેલેન્સ રાખવું. ઘરવાળાઓને એવી ખાતરી થવી જોઇએ કે ઘરના કામો પણ એટલાજ જરૂરી છે જેટલા પોતાની નોકરી કે રોજગાર અંગેના કાર્યો જરૂરી છે.બાળકોને અભ્યાસ બાબતે જરૂરી સામગ્રીનો બંદોબસ્ત કરવાની કાળજી રાખવી જોઇએ.પોતાના વ્યસ્ત જીવનમાંથી બાળકો માટે સમય ફાળવવો જરૂરી છે.

(૭) એક બાબત એ પણ છે કે દરેક પ્રકારની પરિસ્થિતીમા પોતાની લાગણીઓ ઉપર સંપૂર્ણ કાબુ રાખવું અને શરીઅતના હુકમોનું પણ ધ્યાન રાખવુ. આ બાબત બાળઉછેર માટે ઘણી જરૂરી છે. નહી તો અવલાદની મુહબ્બતમાં ઇન્સાન ઘણીવાર પોતાના સિંધ્ધાતો સાથે તોડજોડ કરી લે છે અને કરણી કથનીમાં વિરોધાભાસનો શિકાર બની જાય છે.

(૮) બાળકોના ઉછેરમાં નિખાલસતા અને અલ્લાહને રાજી કરવાનો જઝબો હોવો જોઇએ. તેના માટે કોઇવાર દુનિયાનું નુકસાન ઉઠાવવુ પડે તો તે પ્રમાણે કરવું ખોટુ નથી પોતાની કારકિર્દીના ભોગે કે નુકસાન સહન કરીને પણ બાળકોની ઉજળી કારકિર્દી સીધી દેખરેખના કારણે થઇ શકતી હોય તો તે માટે તૈયાર રહેવું જોઇએ. બાળકોના ઉજળા ભવિષ્ય માટે કરવામાં આવેલ મેહનત અને કુરબાની કદી વ્યર્થ જતી નથી અને આખિરતમાં પણ તેના ખુબ સારા બદલાના હકદાર બની શકાય છે. (બાકી..)

(૩૭૧) બાળઉછેર સંબંધી માર્ગદર્શક સિધ્ધાંતો..(૪)

(૯) એક ખાસ બાબત એ પણ છે કે અવલાદની સહી તરબીયત માટે જરૂરી છે કે પતિ-પત્નિ વચ્ચે સપૂર્ણ વૈચારીક એકતા હોવી જોઇએ અને એક બીજાની માન મર્યાદા અને ઈઝ્ઝત જાળવતા હોય, એક બીજાના હકકો અને લાગણીઓનો એહસાસ હોય અને એના ઉપર અમલ કરતા હોય જેનો આપની ભાવિ પેઢીની તરબીયત અને તાલીમનો આધાર રહે છે.

(૧૦) અવલાદની કુદરતી ઇચ્છાઓ અને લાગણીઓનો ખ્યાલ રાખવામા આવે, અને તેને પુરા કરવાની કોશીશ કરવામાં આવે,જેમકે દીકરીઓમાં ઘરને સજાવવા અને સુશોભિત કરવાની ઇચ્છા કુદરતી અને નૈસગિર્ક રીતે હોય છે તેના માટે તેમને મદદરૂપ થવું જોઇએ.

અવલાદ સાથે મોહબ્બત અને લાગણી સાથે આ બાબત પણ ધ્યાનમાં રહે કે તેમને કદી એવી આદત ન પાડો જે તેમના ભાવિ જીવનમાં મુશ્કેલીઓનું નિમિત્ત અને કારણ બને.

આપણા સમાજમાં ખાસ કરી આવા વાકયો પણ સાંભળવામાં આવે છે કે બાળકોને ભલે સોનાનો કોળિયો ખવડાવો પરંતુ શેરની નજરથી તેમને જુઓ. આ માન્યતા સારા બાળઉછેર માટે ઉપયોગી સાબિત થતી નથી એથી વિરૂધ્ધ હંમેશા સમજાવતા-પતાવટની કાર્યશૈલી પણ ઉપયોગી નથી થતી. અવલાદ સાથે પોતાની માન-મર્યાદાનો ખ્યાલ રાખી મસ્તી-મજાક કરવામાં પણ વાંધો નથી. અવલાદનો માતા-પિતા સાથે અદબ સાથે પવિત્ર સબંધ જાળવવો જોઇએ.

(૩૭૨) મોબાઇલ અને તંદુરસ્તી

આજ કાલ માનસિક અને શારિરિક તદુંરસ્તીને બરબાદ કરવામાં ઇન્ટરનેટની નગ્નતા (સ્વછંદતા)મોટો ભાગ ભજવે છે, ઘણા બધા યુવાનો રાત્રે મોડે મોડે સુધી જાગીને પોતાની માનસિકતા અને મગજના વિચારોને વિકૃત કરે છે જેનાથી અલ્લાહને નારાજ કરવાની સાથે સાથે તંદુરસ્તી અને સમયની બારબાદી થાય છે. આ યુવાનોને જોઇશું તો તેમની આંખો અંદર તરફ ઉતરતી જાય છે, ચેહરો ફિકકો (બેરોનક) હોય છે કમરનો દુખાવો અને મગજ ઠેકાણે હોતું નથી (માનસિક ઉગ્રતા) જે આ ખોટા કાર્યમાં વ્યસ્ત રેહવાને પરિણામે આવતી બરબાદી છે.

એટલા માટે આપણા માટે જરૂરી છે કે જયારે તંદુરસ્તીની દુઆ કરીએ તો બુરી આદતોથી બચવાની પણ દુઆ માંગીએ અને તંદુરસ્તીની બરબાદીથી બચીએ. <u>**તંદુરસ્તી અલ્લાહની મોટી નેઅમત છે.**</u> જેનો ઉપયોગ આખિરતની નેકીઓ જમા કરવા માટે બચાવીએ, કારણ કે જયારે તંદુરસ્તી હશે તો જ દિલમાં ઇબાદતનો શોખ અને જોશ રહે છે, અને માનવી સરળતાથી પોતાની નેક નિય્યત પુરી કરી શકે છે, અને જો તદુંરસ્તી ન રહે તો દિલમાં ઇચ્છા હોવા છતાં પણ માનવી નેક કામોથી મહરૂમ રહે છે. (કિતાબુલ વઅઝ વત્તઝકીર)

(૩૭૩) સૂરએ યાસીન શ.ની ફઝીલત

હઝ.મુહમ્મદ (ﷺ) એ ફરમાવ્યું કે 'જે માણસ સવારના વખતે સૂ.યાસીન શ.ની તિલાવત કરે તો તેની બધી જરૂરતો પુરી થઇ જશે' (સુનને દારમી, હદીસ નં.૩૪૬૧)

એક રિવાયતમાં હુઝુર (ﷺ) એ ફરમાવ્યું કે 'દરેક વસ્તુનુ એક દિલ હોય છે અને કુર્આન શ.નુ દિલ યાસીન શ. છે જે વ્યકિત આ સુરત પઢશે તેને આખું કુર્આન શ. દસ વાર પઢવાનો સવાબ મળે છે'

(સુનને તિરમીઝી શ, સુનને દારમી/૩૪૬૯)

એક અન્ય રિવાયતમાં છે કે 'અગર કોઇ વ્યકિત ઈખ્લાસ સાથે સૂ.યાસીન પઢી લે તો તેની મગફિરત કરી દેવામાં આવે છે' **(માટે તમે એને મૃત્યુ નજીક આવેલાની રૂબરૂ પઢો)** (સુનને દારમી હદીસ.૩૪૬૦)

માટે કોઇ હાફિઝે કુર્આન હોય કે ન હોય તેણે કોઇ પણ હાલતમાં દરરોજ કમ સે કમ એક વખત સૂ.યાસીન પઢવાની પાબંદી રાખવી જોઇએ.ઈન્શાઅલ્લાહ તેની બરકતો જરૂર પ્રાપ્ત થશે.(કિતાબુલ વઅઝ વ તઝકીર)

મુજર્રબાતે દૈરબીમાંની એક લાંબી રિવાયતનો સાર એ છે કે હુઝૂર (ﷺ) એ હઝરત અલી (ؓ) ને ફરમાવ્યું કે 'તમે યાસીન પઢવાને પોતાના ઉપર જરૂરી સમજો; કેમ કે એમાં ઘણી બરકતો છે.દરેક હાજત માટે અને દુ:ખ દર્દ તથા મુશ્કેલીઓ અને ચિંતા દૂર કરવા માટે અકસીર છે. આ સૂરતને પૂરી પઢવાની હદીસોમાં ઘણી ફઝીલત આવી છે,પરંતુ એથી કોઇ એમ ન સમજે કે હવે કુર્આન મજીદના ખતમની શું જરૂર? નહી, બલકે ખાસ જરૂર છે, કેમ કે જયારે આ એકજ સૂરતની આટલી ફઝીલત છે તો એ ઉપરાંત કુર્આન મજીદની બીજી બેહદ ફઝીલત પ્રાપ્ત થશે. એક સૂરત પઢવાનો આટલો સવાબ છે તો આખા કુર્આન શરીફનો કેટલો બધો સવાબ હશે.વળી, તિલાવતથી અલ્લાહ તઆલાની નજદીકી જેવી અમૂલ્ય નેઅમત મળે છે. (મનકૂલ અઝ : ગુજરાતી તફસીર મૌ.અ.રહીમ સાદિક સા.રાંદેરી રહ.)

(૩૭૪) સૂરએ કહફની ફઝીલત

એક રિવાયતમાં છે કે જે વ્યકિત જુમ્આના દિવસે **'સૂરએ કહફ'** પઢે તે આઠ દિવસ સુધી દરેક પ્રકારના ફિત્નાથી સુરક્ષિત રહેશે, અહીં સુધી કે તે દરમિયાન જો દજ્જાલ પણ નીકળી આવે તો તેના ફિત્નાથી પણ હિફાઝતમાં અને સુરક્ષિત રહેશે.

આજકાલ ફિત્નાઓનો સમય છે જેમ જેમ કયામત નજીક આવી રહી છે ફિત્નાઓ (insurgency) વધતા જ જાય છે, આ ફિત્નાઓથી બચવા માટે પયગમ્બર (ﷺ) એ ફરમાવ્યું કે "જે વ્યકિત જુમ્આના દિવસે સૂરએ કહફ પઢે તો અલ્લાહતઆલા તે દિવસથી લઇ આગલા જુમ્આ સુધી તેના માટે રોશની અને નૂર કરી આપે છે. (તફસીર ઇબ્ને કસીર)

એક રિવાતમાં છે કે જે માણસ આ સૂરતને જુમ્આની રાત્રે એક વખત પૂરી પઢશે તો આવતી જુમ્આ સુધી તેના દિલમાં નૂર ચમકતું રહેશે. મતલબ કે રાત-દિવસમાં ગમે તે વખતે પઢી લે.

એક રિવાયતમાં છે કે એ સૂરતની શરૂઆતની દસ આયતો યાદ કરી તેને પઢતો રહે તો દજ્જાલના ફિત્નાથી બચી જશે અને મુસ્લિમ તથા અબુ દાવૂદની બીજી રિવાયતમાં છેલ્લી દસ આયતોનું વર્ણન છે, તો પહેલી અને છેલ્લી દસ દસ આયતો પઢતા રહેવાથી અલ્લાહતઆલા જૂઠા દજ્જાલોના ફિત્નાથી બચાવશે. દુનિયાના ફિત્નાઓથી અમનમાં રહેવા માટે આ સુરતનું પઢતાં રહેવું બહુ ફાયદાકરક છે.

(મનકૂલ અઝ : ગુજરાતી તફસીર મૌ.અ.રહીમ સાદિક સા.રાંદેરી રહ.)

(૩૭૫) અવલાદની તરબિયત એક અતિ મહત્વની જવાબદારી

હાફિઝ ઇબ્ને કય્યિમ રહ. ફરમાવે છે. “જેણે પોતાની અવલાદની તરબિયત કરવામાં કોતાહી કરી અને એમની તરબિયત તરફ લક્ષ ન દીધું, તો તેણે બહુ મોટી ભુલ કરી, કારણ કે અવલાદમાં ફસાદ મોટા ભાગે વાલિદૈન તરફથી જ ઉત્પન્ન થતો હોય છે. જો માં-બાપે અવહેલના કે અવગણના દાખવી તથા દીનના ફરાઇઝ અને સુન્નતોની તાલીમ ન દીધી, તો એવી અવલાદ ન તો સ્વજાતને લાભ પહોંચાડી શકશે અને ન તો પોતાનાં વાલિદૈન માટે ખૈરનું નિમિત્ત બની શકશે.” (તુહ્ફતુલ મવદૂદ બિ-અહકામિલ્ મવ્લૂદ : ૧૯૩)

બાળક વાલિદૈન પાસે અલ્લાહની એક મોટી અમાનત, મહાનેઅમત અને મૂલ્યવાન દોલત છે. તેની કેળવણી અને સાચવણી એક દીની-બુનિયાદી ફરજ અને અનિવાર્ય જવાબદારી છે. દરેક મા-બાપ પોતાના બાળકની તાલીમ અને તરબિયત પ્રત્યે જવાબદેય છે.દરેક વ્યક્તિ પોતાના (હાથ નીચે રહેતા લોકો) ની તરબિયતના સંદર્ભે ઝિમ્મેદાર છે આખિરતમાં આ વિશે એમને પડપૂછ થશે અને તરબિયત પ્રતિ ગફલત અને ઉદાસીનતા દાખવવા બદલ એમની પકડ થશે.

“કોઇ બાપ પોતાની અવલાદને સારા આદાબ (કેળવણી) થી વધુ બેહતર કોઇ તોહફો આપી શકતો નથી.” (બુખારી શ.૧/૪૨૨) ઉપરાંત અલ્લાહતઆલા ફરમાવે છે : હે ઇમાનવાળાઓ ! તમે સ્વજાતને અને પોતાનાં પરિવારજનોને દોઝખની તે આગથી બચાવો,જેનું ઇંધણ (બળતણ) ઇન્સાન અને પથ્થર છે...”આ આયતનું વિવરણ અને વિશ્લેષણ કરતાં હઝરત અલી ﵁ એ ફરમાવ્યું : “અલ્લિમૂહુમ વ અદ્દિબૂહુમ: પોતાની અવલાદને ઇલ્મ અને અદબ શિખવાડો. જે માણસ પોતાના બાળકને બાળપણમાં અદબ શિખવાડે છે અને તેની સુંદર તરબિયત કરે છે, તો તે બાળક મોટું થઇને તેની આંખોની ઠંડક બને છે અને બીજાઓને પણ લાભ પહોંચાડશે.

(સૌજન્ય : બયાને મુસ્તફા ﷺ .જાન્યુ. ૨૦૨૨)

(૩૭૬) દુનિયાની મુસીબત આખિરતની ભલાઇનું નિમિત્ત

હઝ.અનસ (﵁) થી રિવાયત છે કે રસુલેપાક (ﷺ)એ ફરમાવ્યું “અલ્લાહતઆલા જયારે પોતાના કોઇ બંદા સાથે ભલાઇનો ઇરાદો ફરમાવે છે, તો તેના માટે સજા લેવામા જલ્દી કરે છે અને દુનિયામા જ એનો બદલો (સઝા) આપે છે અને જો કોઇના સાથે બુરાઇનો ઇરાદો ફરમાવે છે તો એના ગુનાહોની સઝા કયામત સુંધી લંબાવી દેવામા આવે છે. (જામેઅ તિરમીઝી)

નબીએ કરીમ (ﷺ) થી રિવાયત છે કે વધારે સવાબ મોટી આઝમાઇશ (કસોટી) સાથે છે અને અલ્લાહતઆલા જયારે કોઇ કોમને આઝમાઇશમાં નાખે છે બસ જે (આ કસોટીથી) રાજી થઇ જાય એના માટે રઝા (રાઝીથવુ) અને જે નારાઝ થાય એના માટે નારાઝગી મુકદદર થઇ જાય છે.

: ફેશનેબલ બાલ રાખવાની મનાઇ :

હઝ.ઇબ્ને ઉમર (﵁) થી રિવાયત છે કે રસુલ (ﷺ) એ એક બાળકને જોયો એણે માથાના અમુક વાળ મુંડાવ્યા હતા અને અમુક વાળ કપાવેલા ન હતા આપ (ﷺ) એ એને મના ફરમાવ્યું અને ફરમાવ્યું બધા માથાના વાળ કપાવો (મુંડાવો) અથવા પુરા (બધા) માથાના વાળ રાખો (નસાઇ શ.)

(અઝ : અલ બલાગ ઉર્દુ - કરાંચી.)

(૩૭૭) ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૧)

ઇસ્લામે જાઇઝ તરીકા પર ખાવા-પીવા અને ખૂશીઓ મનાવવાની ઇજાઝત આપી છે, પરંતુ જે કાર્યોમાં ગૈર કૌમ સાથે મુશાબહત (સામ્યતા) થતી હોય કે શરીઅત વિરૂધ્ધ કાર્ય થતુ હોય એવા કામો થી શરીઅતમાં સખ્તીથી રોકવામાં આવ્યા છે. શરીઅત વિરૂધ્ધ કાર્ય કરનાર વ્યક્તિના હુઝુર (ﷺ)એ સલામનો જવાબ પણ નથી આપ્યો. (તિરમિઝી ૧૦૪/૨) ઇસ્લામથી પહેલા મહરઝાન અને નવરોઝ એ બે દિવસોમાં લોકો રમત ગમત વિગેરેમાં મશ્ગુલ થઇ ખુશીઓ મનાવતા હતા તો હુઝૂર (ﷺ)એ તેનાથી મના ફરમાવ્યું. (મિશ્કાત : ૧૨૬) હદીસે પાકમાં છે કે જે કોઇ અન્ય કોમ સાથે મુશાબહત (સરખામણી) ઇખ્તિયાર કરશે તેનો હશ્ર તેઓની સાથે થશે. (અબુ દાઉદ : ૫૫૯)

આ સામ્યતા ખાવા-પીવા, રહેણી- કરણી કે પછી કાર્યોમાં હોય દરેકનો આ જ હુકમ છે. અહાદીસે પાક અને સહાબએ કિરામના અમલથી સ્પષ્ટ માલુમ થાય છે કે ગૈર કૌમના તહેવારોના દિવસે તેમના જેવા કૃત્યો કરવા અને ખૂશીઓ મનાવવી જાઇઝ નથી, કેટલાક ઉલમાએ કિરામ તો આવી બાબતોને એટલી બુરી સમજે છે કે ગૈર કૌમના તરીકા પર અમલ કરનાર માટે કાફિર થઇ જવાનો હુકમ લગાવ્યો છે. ખાસ આ દિવસોમાં જ વસ્તુઓ ખરીદવા અને તેમના જેવા કાર્યો કરવાથી તેમનું અનુકરણ થાય છે જેનાથી બચવું ખુબ જરૂરી છે. (ક્રમશઃ)

અઝઃ- હઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.

(૩૭૮) ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૨)

“ફતાવા ઝખીરહ” માં લખ્યું છે કે જે માણસ ખાસ ગેરકોમના તહેવાર (હોળી,પતંગબાજી, ફટાકડા ફોડવા,ગરબા રમવું અથવા જોવું વગેરે) માટે ઘરથી બહાર નીકળે તે કુફ્રના નજદીક થઇ જાય છે, કારણ કે આ માણસ પોતાના કાર્યોથી કુફ્રની મદદ કરે છે, (પ્રોત્સાહન આપે છે) અને એને પોતાના અમલથી સારૂ કામ હોવાની ગવાહી આપે છે.

“ઉમ્દતુલ ઇસ્લામ” નામની કિતાબમાં લખ્યું છે કે જે માણસ કાફિરોનો રિવાજ અપનાવે જેમકે મકાન બનાવવામાં નાળિયેર ફોડવું, લાલ દોરો બાંધવો વગેરે તો તે માણસ કાફિર થઇ જાય છે. (મિશ્કાત ૨૫૨/૨, મઝાહિરે હક – ૩)

માટે ગેરકોમના તહેવાર દિવાળી, મકર સંક્રાંતિ, નાતાલ વગેરેમાં ઇસ્લામના વિરૂધ્ધ કામોમાં મશ્ગુલ થવું એ એને ઇખ્તિયાર કરવા બરાબર છે, એનાથી કાફિરો સાથે મુશાબહત થાય છે માટે આ હરામ થશે, અને એનાથી દીનના કામોમાં ગફલત થઇ જાય છે, જેના સંદર્ભમાં અલ્લાહતઆલા ફરમાવે છે “અમુક લોકો તે છે જે અલ્લાહથી ગાફિલ કરનાર વાતોના ખરીદાર બને છે એટલા માટે કે એનાથી લોકોને સમજ્યા વગર અલ્લાહના રસ્તાથી ભટકાવે અને એની મજાક ઉડાવે, એ લોકોને તે અઝાબ થશે જે બેઇઝઝત કરી નાખશે.” (સુ.લુકમાન આ-૬, આસાન તર્જુમએ કુર્આન સઃ-૬૮૮) (ક્રમશ)

અઝઃ- હઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.

(૩૭૯) ગેર કોમનો તરીકો ઇખ્તિયાર કરવો. (૩)

માલ (wealth) અલ્લાહતઆલાની નેઅમત છે,ગુનાહના કામમાં ઇસ્તેઅમાલ કરવાથી એની નાશુક્રી સમજવામાં આવે, ફટાકડા અથવા પતંગ ખરીદવાથી માલને ફુઝુલ બરબાદ કરવો છે. અને કુર્આને પાકમાં ઇરશાદ છે કે “યકીન કરો કે જે લોકો ફુઝુલ કામોમાં માલને ઉડાવે છે તે શેતાનના ભાઇ છે” (સુ.બની ઇસ્રાઇલ આ.૨૭) એટલા માટે નાજાઇઝ કામોમાં માલને ખર્ચ કરવો અલ્લાહતઆલાની નાશુક્રી થશે અને માલ છીનવી લેવાનો જરીયો બને છે, અને નાશુક્રી કરનાર માટે કુર્આનેપાકમાં બરબાદીની ચેતવણી આપવામાં આવી છે. (સૂ.ઇબ્રાહીમ/૭)

આજ કાલ અલ્લાહતઆલાનો અઝાબ અને કયામતની નિશાનીઓ જેમકે ધરતીકંપ, હુલ્લડ-ફસાદ, એકસીડન્ટ, મોંઘવારી વગેરેની શકલમાં જોવા મળે છે, તો શું આવા વખતમાં પણ દિલોમાં અલ્લાહનો ખૌફ પેદા કરવાનો સમય નથી આવ્યો? કુર્આનેપાક માં અલ્લાહતઆલા ફરમાવે છે “શું ઇમાનવાળાઓ માટે એ વખત નથી આવ્યો કે એમનું દિલ અલ્લાહતઆલાની નસીહત અને દિનેહક્ક ના સામે જુકી જાય? (સુ.હદીદ/૧૬)

માટે આપણો કિંમતી વખત અને માલ બેફાયદા અને બેકાર કામોમાં બરબાદ કરવાથી અને પોતાની જાતને અને પોતાના માલને ગુનાહોના કામમાં બરબાદ કરવાથી બચાવવું જોઇએ, અને બીજા લોકોને પણ બચાવવું જરૂરી છે.

અઝ:- હઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.

(૩૮૦) આદાબુલ મસાજીદ

એ વાત બિલકુલ સાચી છે કે,જે ભાઇઓ મસ્જીદમાં આવે છે તેઓની નિય્યત સવાબ હાસિલ કરવાની હોય છે,પરંતુ ઇન્સાન જાણે અજાણે કેટલાક એવા કામો કરે છે જેથી સવાબને બદલે ગુન્હો થાય છે,માટે દરેક મુસલમાનની ફરજ એ છે કે મસ્જીદમાં આવીને જેટલી બને તેટલી વધારે નેકી લઇ પોતાના ઘરે જાય અને એવા કોઇ કામ કરે નહી જેથી ઉલટો ગુન્હો થાય. અલ્લાહ અને તેના રસુલ(ﷺ)ના મુબારક ફરમાનો પર આપણે અમલ કરીશું નહી તો પછી તેના ઉપર બીજા કોણ અમલ કરશે? દુન્યાની થોડી જીંદગી પૂરી કરીને દરેકને આખિરતનો સફર કરવાનો છે અને કબર, હશર, મીઝાન અને પુલસીરાત વગેરે મંઝિલો પસાર કરવાની છે. તેને માટે આ દુન્યામા જ તૈયારી કરવાની છે. જીંદગી ઘણી કિંમતી છે, મોત પછી અફસોસ અને પસ્તાવા વગર બીજું કઇ પણ થઇ શકતું નથી કારણ કે મોતથી અમલ બંધ થઇ જાય છે.

નબીએ કરીમ (ﷺ)એ ફરમાવ્યું છે કે આખરી ઝમાનામાં મસ્જીદો જાહેરમાં આબાદ હશે પણ હકીકતમાં બરબાદ હશે.એક તો તેમાં નમાઝી ઓછા હશે અને જે હશે,તો મસ્જીદ તેમની બેઠક બનેલી હશે. અફસોસ રબ્બુલ ઇઝઝતની બારગાહ અને તેની આવી તવકીર (અવમૂલ્ય)! આજે ખુદાના ઘર તેના ઝિક્રથી ખાલી છે અને દુન્યાના તમામ કામો તેમાં મોજુદ, દરેક જાતના કિસ્સા તેમાં પતાવવામાં આવે છે, બજારોનો શોર ઘોંઘાટ ત્યાં મોજુદ છે. તેમજ લેટવા,સુવા,બેસવાની અને આરામ કરવાની જગ્યા પણ. મતલબ કે બધી જ ચીઝ મોજુદ છે પણ જેને માટે ખુદાવંદ આલમની આ મસ્જીદો બનાવવામાં આવી છે તેનો તેમાં દુકાળ (અલોપ) છે.

(અઝ કિતાબ : આદાબુલ મસાજીદ, જામિઅહ હુસૈનિયહ -રાંદેર.)

(૩૮૧) ખાતિમહ બિલ ખૈરમાં મદદરૂપ પરિબળો (વાતો)

બુઝુર્ગોએ દસ **(૧૦)** એવી બાબતો બતાવી છે કે જેની ફિકર રાખવામાં આવે તો અંતિમ સમયે કલિમો નસીબ થાય છે, મોત આસાન થઇ ઇમાનની હલાવત નસીબ થાય છે.

(૧) નિગાહોની હિફાઝત (ઓરત મર્દ બંનેવ માટે):

(૨) મિસ્વાકની પાબંદી સુન્નત તરીકા મુજબ કરવી:

(3) ઇમાન મળવા માટે અલ્લાહનો શુક્ર અદા કરવો:

رَضِيْتُ بِاللهِ رَبًّا، وبِالإِسْلَامِ دِيْنًا،
وَبِمُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ نَبِيًّا وَرَسُوْلًا

પઢતા રહેવું

(૪) સદકો અને ખૈરાત કરતા રહેવું: સદકો અલ્લાહ તઆલાના ગુસ્સા અને બુરી મોતથી હીફાઝતનુ નિમિત્ત છે.

(૫) અલ્લાહવાળાઓની સંગત (સોહબત)માં રહેવું

(૬) અલ્લાહતઆલાની મોહબ્બતનો ઇઝહાર કરવો:

(૭) અલ્લાહના ખોફને કરણે ગુનાહોને છોડી દેવું:

(૮) અઝાન સાંભળવું અને પછી દુઆ પઢવી:

(૯) આ દુઆઓ પઢતા રહેવું : અલ્લાહુમ્મ બારિક લના ફિલ મૌત વફીમાં બાઅદલ મૌત..યા હય્યુ યા કય્યુમ બિરહમતિક અસ્તગીસ.

اَللّٰهُمَّ بَارِکْ لَنَا فِی الْمَوْتِ وَ فِی مَا بَعْدَ الْمَوْتِ..
یَا حَیُّ یَا قَیُّومُ بِرَحْمَتِکَ اَسْتَغِیْثُ.

(૧૦) રબ્બના લા તુઝિગ કુલુબના બઅદ ઇઝ હદયતના વહબલના મિલ્લદુન્ક રહમહ ઇન્નક અન્તલ વહહાબ.(રહમત હિબા કર દેના)

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا
مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ،

આજે આપણે આપણી ઇચ્છાથી પઢીશું તો મોતના સમયે અને બેભાનીની હાલતમાં કુદરતી રીતે (ઇચ્છા વગર) ઝુબાનથી આ કલેમાત જારી થશે...

(અઝ : હઝરત મોલાના પીર ઝુલફીકાર અહમદ નકસબંદી દા.બ.)

(૩૮૨) મોડીરાત સુધી જાગવાથી બચો:

રાત્રે જાગવું અને દિવસે ઉંઘ પૂરી કરવી એનાથી બચવુ જોઇએ, અલ્લાહતઆલાએ રાત્રિને આરામ અને શાંતિ માટે પેદા ફરમાવી છે અને દિવસને સુઇને ઉઠવા અને જરૂરતો પુરી કરવા માટે કાર્યો કરવાનો સમય ઠેરાવ્યો છે. કુર્આન શ.માં અલ્લાહ તઆલા ફરમાવે છે "અને તેજ અલ્લાહ છે જેણે તમારા માટે રાતને પરદાની વસ્તુ તથા નિંદ્રાને આરામની વસ્તુ બનાવીને દિવસને ઉઠી નીકળવા (કામ ધંધા) માટે બનાવ્યો."(સૂ.ફુરકાન : ૪૭)બીજી જગ્યાએ અલ્લાહતઆલા ફરમાવે છે "અને અમેજ તમારી ઉંઘને આરામની વસ્તુ બનાવી અને અમેજ રાત્રીને પરદાની ચીઝ બનાવી અને અમેજ દિવસને ધંધાનો વખત બનાવ્યો.(સુ.નબા-આ.૯,૧૦,૧૧) - કુર્આનેપાકમાં ત્રીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફરમાવે છે "શું તેઓ જોતા નથી કે અમે રાત્રિ બનાવી કે જેથી તેઓ તેમાં આરામ કરે અને દિવસને પ્રકાશિત બનાવ્યો,બેશક એમાં તે લોકો માટે મહાન નિશાનીઓ છે જેઓ યકીન(ચિંતન)કરે છે.(સુ.નમલ:૮૬)

રાત્રિને અંધકાર અને શાંતિ તથા આરામનો સમય અને દિવસને કાર્યો અને મેહનત કરવા માટે બનાવ્યો આ નિર્દેશમાં ઇશારો એ છે કે રાત્રિનો સમય સુવા માટે નિશ્ચત કરવામા આવે અને દિવસે પોતાની જરૂરતો પુરી કરવા માટે મેહનત અને કોશીશ કરવામાં આવે અહી સુધીકે બદન અને શકિતઓ થાકી જાય તો પછી રાત્રે શાંત અને અંધકારમય વાતાવરણમાં આરામ કરવામાં આવે અને દિવસ ઉગતાની સાથે ઉઠી અલ્લાહતાઆલાનુ નામ લઇને સ્ફુર્તિ સાથે કામમાં લાગી જાઓ. જે લોકો આરામપ્રિય અને સુસ્તીના કરણે દિવસે ઉંઘયા કરે છે અને વ્યર્થ કાર્યોમા વ્યસ્ત થઇને રાત્રે જાગ્યા કરે છે, તેઓ અલ્લાહતઆલાના આ હુકમો ભુલીને પોતાની તંદુરસ્તી અને જીંદગીને બરબાદ કરે છે.

(૩૮૩) અંતિમ સમય અને કલિમાની તલકીન..

કેટલાક લોકો મરનાર વ્યકિતને કલિમો પઢાવવા માટે એટલી બધી જબરદસ્તી કરે છે કે જો જરા પણ ખામોશ રહે તો તરતજ તૌબા ઇસ્તિગફાર અને કલિમા માટે દબાણ અને પ્રયત્નો કરે છે. મરનાર વ્યકિત તકલીફની હાલતમાં એકાદવાર કલીમો પઢીલે તોપણ તેને પુરતુ (કાફી) સમજતા નથી અને રૂહ નીકળે ત્યાંસુધી પઢાવવા માટે પ્રયત્નો કરે છે આ બાબત ખોટી અને અજ્ઞાનતાની છે

જયારે મરનાર વ્યકિત એક વાર કલિમો પઢી લે તો એનો પ્રયત્ન ન કરો કે તે કલિમો પઢતો રહે અને રૂહ નીકળે. મકસદ તો એજ છે કે તેના મોઢામાંથી છેલ્લી વાત (કથન) કલિમો હોવો જોઇએ. એવું જરૂરી નથી કે દમ નીકળતા સુધી કલીમો પઢતો રહે, હાં અગર કલીમો પઢયા પછી કોઇ દુનિયાની વાતચીત કરે તો ફરીથી કલિમો પઢાવવાનુ શરૂ કરો અને જયારે તે પઢી લે તો ચુપ રહો.

કેટલાક લોકો તો છેલ્લે સુધી વાતો કરાવે છે. થોડુ ભાનમાં આવે કે આંખ ખોલે તો પુછતા થઇ જાય છે,જેમકે જો આ કોણ છે? ઓળખો છો? વગેરે વગેરે.. આ રીતે પરેશાન કરવુ દુરૂસ્ત નથી અલબત્તા કોઇ શરઇ વાત જેમકે કોઇ અમાનત કયાં મુકી છે કે પૈસાનો લેવડ દેવડનો મામલો હોય કે જે કોઇ બીજાને ખબર ન હોય અથવા આ પ્રકારનો કોઇ વાજીબ હકક હોય તો તે પુછવામાં વાંધો નથી બલ્કે જરૂરી છે. એ શરતે કે બીમારને બતલાવવામાં અસહય તકલીફ ન થાય. (અઝઃ મોલાના અશ્રફઅલી થાનવી રહ. કૃત અગલાતુલ અવામ કિતાબ માંથી.)

દીન અને દુનિયામાં સફળતાનું રહસ્ય (ચાવી)

ખાલિક (સર્જનહાર) ની ઇબાદત અને મખ્લુક (સર્જન)ની ખિદમતને જીવન ધ્યેય અને જીવનલક્ષ બનાવી લો તો સફળ થઇ જશો.

(મૌલાના ઇબ્રાહીમ દેવલા સાહબ દા.બ.- જામેઅહ અક્કલકૂવા ડૉક્ટર્સ સમારંભ ખાતે)

The Secret of success in Deen and world

If you make the aim and life goal is to worship the creator and service the mankind then you will become the successful.

(Moulana Ibrahim Dewala Sahab Db. At the Doctors function held in Jamia Akkalkuwa)

(૩૮૪) સકરાત સમયે સાવધાની

અંતિમ સમયે કોઇ એવી વાત ન કરો કે તેનુ દિલ દુનિયાની તરફ કેન્દ્રિત થાય, કારણકે આ સમય દુનિયાથી અલગ થઇ અલ્લાહતઆલાના દરબારમાં હાજર થવાનો વખત છે જેથી એવી વાત કરો કે તેનું દિલ અલ્લાહતઆલા તરફ કેન્દ્રિત થાય.

આમ તોર પર એવું થાય છે કે અંતિમ સમયે કલિમો પઢવું, સૂ.યાસીન પઢવું, મૈયતની આસાની માટે ખાતિમા બિલ ખૈરની દુઆ કરવામાં આવે, એના બદલે જો રડવા કકડવામાં આવે તો, જો વ્યકિતને થોડુ ભાન વગેરે હોયતો મૌતની તકલીફ સાથે વધારાની તકલીફ થઇ પડે છે. યાદ રાખો જોર જોરથી રડવું, બુમો પાડવી, કપડાં ફાડવા... વગેરે કાર્યો હરામ અને ગુનાહીત છે. અલબત્તા રડવું આવે તો જોરથી અવાઝ કર્યા વગર ફકત આસુંઓથી રડવામાં આવે તો કોઇ વાધોં નથી.

એક બેએહતિયાતી અને ભુલ સકરાતની હાલતમાં એ થાય છે કે નામહરમ ઓરતો પણ સામે આવીને ઉભી રહે છે, પરદાને જરૂરી સમજતી નથી, પરંતુ આ અજ્ઞાનાનતા છે. નામહરમ ઓરતોએ બિલ્કુલ બીમારની સામે આવવુ ન જોઇએ, એજ રીતે મરદોએ પણ નામહરમ ઓરતો સામે આવા સમયે આવવું અને જોવું જાઇઝ નથી.

મૃત્યુ સમયે મોઢામાંથી જો કોઇ અગમ્ય શબ્દો નીકળે તો તેને ધ્યાન ન આપો અને ન તો એની ચર્ચા કરો. મોતની સખ્તીના કારણે બેભાન અવસ્થામાં જે કંઇ થાય તે માફ છે અલ્લાહતઆલા સમક્ષ તેની બખ્શીશ માટે દુઆ કરતા રહો.

(અઝ: મોલાના અશ્રફઅલી થાનવી રહ. કૃત અગલાતુલ અવામ કિતાબ માંથી.)

(૩૮૫) માનવ સુધારણાનું સૌથી શાંત અને સર્વાધિક લોકપ્રિય વૈશ્વિક સંગઠન

તબલીગી જમાઅત તમામ પ્રકારની રાજકીય વાતો થી સદંતર દૂર છે, આ સગંઠન સ્વયં-શિસ્ત અને સૌમ્યતાનું અસાધારણ ઉદાહરણ છે.

૧૯૨૬ માં સ્થાપિત તબલીગી જમાઅતે પોતાના ઇતિહાસમાં આજદિન સુધી કોઇ પ્રકારની જાહેરાત પ્રિન્ટ કે ઇલેકટ્રોનિક મીડિયામાં આપી નથી. આવી દુન્યવી બાબતોથી વેગળા રહેવુ એ આ સંગઠનનો મૂળભૂત સિદ્ધાંત છે, આમ છતાં આશ્ર્વર્યજનક રીતે વિશ્વના સૌથી વિશાળ સંમેલનો બિનચૂક દર વર્ષે યોજવાનો વિક્રમ આ સાદગીપૂર્ણ સંગઠનના ફાળે જાય છે.

તબલીગી જમાઅતનો વ્યાપ જગતના ૧૫૦ થી વધુ દેશોમાં ફેલાયેલો છે અને દરેક દેશના વિવિધ પ્રદેશોમાં તેના સંમેલનો બિનચૂક યોજાતા રહે છે જેને **“ઇજતિમા”** કહેવાય છે. આ સંમેલનો માં ભારે જનમેદની સ્વેચ્છાએ અને સ્વખર્ચે જોડાય છે.કોઇ પણ પ્રકારની સરકારી સુરક્ષા કે સહાયતા વગર ટ્રાફિક, પાણીનું વિતરણ, જમણ, તબીબી સેવાઓ અને પ્રાર્થનાથી લઇને દરેક ક્ષેત્રે બેનમૂન શિસ્તના ઉદાહરણો જોવા મળે છે.

સરકારી સુરક્ષા કે સહાયતા વિના માત્ર સ્વયંસેવકોની જહેમતથી કોઇ પણ વિધ્ન, અશિસ્ત કે અવ્યવસ્થા વિના સફળતાપૂર્વક પ્રતિવર્ષ આયોજીત થતા આ ઇજતિમા તબલીગી જમાઅતના માનવતાવાદી મૂલ્યો સાથે સંકળાયેલ હોવાની બેનમૂન દલીલ કહી શકાય, الحمد لله

(સાભાર: તબલીગ ‘માસિક’ આણંદ)

(૩૮૬) : તબલીગી જમાઅતનો હેતુ :

૧૯૭૦ ના દાયકામાં કટોકટી સમયે દેશની અન્ય સંસ્થાઓની જેમ જ તબલીગી જમાઅત ઉપર પણ બાઝનજર રાખવાનો આદેશ આપ્યો હતો, ગુપ્તચર એજન્સીઓએ એવો અહેવાલ આપ્યો કે તબલીગી જમાઅત તમામ પ્રકારની રાજકીય વાતોથી દૂર છે. છતાં વધુ તપાસ માટે અમૂક જાસુસો હઝરત નિઝામુદ્દીન ખાતે તબલીગી જમાઅતના મુખ્ય કેન્દ્રની મસ્જિદમાં મોકલવામાં આવ્યા. જાસૂસોએ દિવસો સુધી પાંચેય નમાઝો અને જુમ્આની નમાઝના પ્રવચનમાં હાજરી આપ્યા બાદ એવો એહવાલ આપ્યો કે આ સંગઠનને રાજકારણ તો શું કોઇ પ્રકારની દુન્યવી બાબતો સાથે લેશમાત્ર નિસ્બત નથી. તેઓ તો માત્ર મુસ્લિમોને પાંચ સમયના નમાઝના પાબંદ બનવાની, ઇશ્વરની યાદમા મગ્ન રહેવાની અને મૃત્યુ પછીના જીવનની તૈયારી કરવાની પ્રેરણા આપવાની પ્રવુતિઓમાં વ્યસ્ત છે. અહી કયારેક ભુલથી પણ કોઇ રાજકીય વાત કરવામાં આવતી નથી. જમાઅતને તો માત્ર આકાશના ઉપરની અને જમીનના નીચેની વાતો (એટલે સ્વર્ગ,નર્ક અને મૃત્યુ પછીના જીવનની વાતો) માં જ રસ છે. આમ કટોકટીકાળ દરમિયાન પણ આ સંગઠન તમામ શંકાઓથી પોતાને બચાવી રાખીને આત્મસુધારણાની પ્રવૃતિઓમા વ્યસ્ત રહયું. તબલીગી જમાઅતના નિર્દોષ અને માનવતાના હિતેચ્છુ હોવાનું આ એક તાદૃશ્ય દ્રષ્ટાંત નહી તો શું કહેવાય? આજના આધુનિક કહેવાતા ફેશનના યુગમાં પણ આ સંગઠન એકદમ સાદગીથી પ્રાચીન માનવતાવાદી મુલ્યોને વળગીને રહયું છે.

જમાઅત સદાય પોતાના વ્યકતવ્યો કે ચર્ચાઓમાં કોઇ પણ ચૂંટણી, રાજકારણ, કાશ્મીર વર્તમાન બાબતોને નિષેધ ગણે છે. સંગઠનનો મુખ્ય હેતુ માત્ર અને માત્ર લોકોને અલ્લાહની બંદગી અને સદ્‌કાર્ય તરફ તલ્લીન અને પ્રેરિત કરવાનો છે. (સાભાર: તબલીગ 'માસિક' આણંદ)

: માહે રજબ :

આ ઇસ્લામી વર્ષનો સાતમો મહીનો છે. રજબનો અર્થ કુરબાની અને ઇઝઝતનો છે. નબીએકરીમ સલ.આ મહીનાનો ચાંદ જોઇને (મહીનો શરૂ થતાં) આ દુઆ પઢતા હતા.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِىْ رَجَبَ وَشَعْبَان
وَبَلِّغْنَا رَمَضَان ط

"અલ્લાહુમ્મ બારિકલના ફી રજબ વ શઅબાન વ બલ્લિગના રમઝાન" **તર્જુમો:-** યા-અલ્લાહ! અમારા માટે રજબ અને શઅબાનના મહીનામાં બરકત આપ અને અમોને રમઝાન સુધી ખેરિયતના સાથે પહોંચાડી દે. આ મહીનાની સત્તાવીસમી રાતના જનાબ નબીએ કરીમ સલ.ને જિસ્મે મુબારકના સાથે મે'રાજ શરીફ થઇ. (હિઝરતથી એક વર્ષ પહેલાં આ મેઅરાજ થઇ જેનું વર્ણન કુર્આનેપાકમાં મોજૂદ છે.) આપ સલ. મક્કા મુઅઝઝમાથી બય્તુલ મુકદ્દસ, ત્યાંથી સાતમાં આસ્માન પર પહોંચ્યા અહી સુધી કે અર્શે અઝીમ પર પહોંચીને અલ્લાહતઆલાનો દીદાર અને વાતચીત કરવાનો મોકો અર્પણ થયો અને આપને પાંચ વખતની નમાઝનો તોહફો મળ્યો,(નમાઝ અલ્લાહતઆલા નું ઘણું મોટુ ઇનઆમ છે, બીજી ઇબાદતો આ જમીન ઉપર ફર્ઝ કરવામાં આવી પરંતુ નમાઝ આલમેબાલા (આકાશ)માં ફર્ઝ કરવામાં આવી. નમાઝ અલ્લાહતઆલાના દરબારની હાજરી છે જેથી તેના માટે જે આદાબ છે તે બધાં બીજી ઇબાદતો માટે જરૂરી નથી કરવામાં આવ્યા) મે'રાજનો આ અઝીમુશ્શાન મરતબો આપ સલ. સિવાય અન્ય કોઇ પયગમ્બરને નસીબ થયો નથી. (અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

(૩૮૭) તબ્લીગી જમાઅત લાભદાયી છે જ પરંતુ કાફી(enough) નથી

મવ.શાહ અબરારૂલ હક સા.રહ. એકવાર તબ્લીગી જમાઅતના એક ઇજતિમામાં જ્યાં લગભગ સાડા ત્રણ લાખ જેટલા લોકો જમા હતા (અને મવ.ઇન્આમુલ હસન સા. આપના સાથી એવા સહાધ્યાયી મિત્ર હતા) તેમાં ફરમાવ્યું કે તબ્લીગી જમાઅત ફાયદાકારક તો છે પરંતુ પુરતુ (sufficient) નથી, અને પુરતું (કાફી) ક્યારે થશે? જ્યારે ઉલમાએ દીન અને અલ્લાહવાળાઓથી તઅલ્લુક મજબુત હશે. કારણ કે છ નંબરમાં પુરો દીન નથી આવી શકતો એટલા માટે ઉલમાની જરૂરત હંમેશાથી છે, અને હંમેશા રહેશે.

તબ્લીગી જમાઅતનું ઉદાહરણ પ્રાથમિક સારવાર જેવુ છે કે કોઇને ઇજા થાય તો એની તરતજ પ્રાથમિક સારવાર કરીને વધુ ઇલાજ માટે મોટા ડોકટરો પાસે મોકલવામાં આવે છે, મવ.ઇલ્યાસ (રહ.)એ આ જમાઅત એટલા માટે શરૂ કરેલ કે જે લોકો દીનથી દૂર છે એમને દીનથી નજીક કરીને આલીમો અને મશાઇખથી જોડવામા આવે જેથી તેઓ દીન હાસિલ કરીલે. એટલા માટે તબલીગી જમાઅતનું ફાયદાકારક હોવું તો સર્વસ્વીકૃત છે. પરંતુ કાફી કે પુરતું હોવું સ્વીકાર્ય નથી જેમકે કહેવામાં આવે છે હવે તો આજ કામ છે. મવ.અબરારૂલહક સા. હરદોઇ (રહ.) એ ફરમાવ્યું કે એમ ન કહો કે આજ કામ છે પણ એમ કહો કે આ પણ કામ છે. દીનનું કામ કરવા વાળાઓના વિભિન્ન વર્ગો અને માર્ગો છે. કેટલાકનો ફાયદો આમ (જાહેર) હોય છે અને કેટલાકનો ફાયદો સંપૂર્ણ હોય છે. - પરંતુ યાદરાખો ઇખ્લાસ વગર કોઇ પણ કાર્ય સ્વીકાર્ય નથી અને ઇખ્લાસ મળે છે દીનના બુઝુર્ગો પાસેથી,માટે મદ્રસાના ઉલમાઓ માટે પણ જરૂરી છે કે મશાઇખ અને દીનના બુઝુર્ગોની ખિદમતમાં ઇસ્લાહેનફસ (બાતિની ઇસ્લાહ) માટે હાજરી આપવી.

: હઝારી રોઝા બાબત :

ઘણા લોકો રજબની સત્તાવીસમી તારીખનો રોઝો રાખવાને એક હઝાર રોઝાના બરાબર સવાબ સમજે છે. એટલા માટે એને “હઝારી રોઝો“ કહે છે. પરંતુ આ ફઝીલત સાબિત નથી. કેમકે ઘણી રિવાયતો આ વિષે (મોજુ) કમજોર છે. એટલા માટે આ રોઝા વિશે સુન્નત હોવુ ન માને. **જો કોઇ માણસ હઝારી રોઝાના બરાબર સવાબ ન સમજે પરંતુ ફઝીલતનો દિવસ હોવાના કારણે રોઝો રાખે તો એમાં કંઇ વાધો નથી** જેવુ કે શામી વગેરામાં તશ્રીહ છે.

મવ.થાનવી (રહ.) ફરમાવે છે કે જયારે આ દિવસમાં રોઝો રાખવો સાબિત નથી તો હઝારી રોઝાના સવાબ ક્યાંથી સાબિત થયો? જો કોઇ આના કારણે રોઝો રાખે કે આ તારીખની રાત્રે હુઝુર (ﷺ) ને મે’રાજ થઇ (તો પણ સહીહ નથી) જયારે હુઝુર(ﷺ) એ પોતે રોઝો નથી રાખ્યો. તો આપણે શા માટે સુન્નત કે ફઝીલત સમજવું!

: રજબના કુંડા બાબત :

હઝ.જઅફરે સાદિક રહ.ના કુંડાનો રિવાજ પણ બિલ્કુલ બેબુનિયાદ છે. આ પ્રમાણેની બધા રિવાજોની શરીઅતમાં કોઇ આધાર નથી. કુંડોની કિતાબ અથવા કિસ્સએ અજીબહમાં જે વાકિઅહ લખેલા છે તે બિલ્કુલ પાયાવિહીન અને મનઘડત છે. હઝ. જઅફરે સાદિક (રહ.) પર બોહતાન છે કુંડોનો રિવાજ નબીએ કરીમ સલ.અને ખુલફાએ રાશીદીન (રદી.)ના મુબારત ઝમાનામાં બિલ્કુલ ન હતો.

(૩૮૯) ગિબતનો કફફારો

હકીમુલ ઉમ્મત રહ.નો આ લેખ અત્તરાઈફ વઝ ઝરાઈફ કિતાબમાં મેં પોતે વાંચેલો છે કે જેની ગિબત કરી છે જયાં સુધી એને ખબર ન થાય એનાથી માફી માંગવુ વાજીબ નથી અને અમૂક કારણથી જાઇઝ પણ નથી કેમકે એનાથી એનુ દિલ દુ:ખી થશે કે દોસ્ત! તમે મારા ખાસ દોસ્ત થઈને મારી ગિબત કરી રહયા હતા તો આ તકલીફ પહોચાડવુ ગણાશે કેમકે એમને ખબર ન હતી કે મારી ગિબત કરવામાં આવી છે, જયાં સુધી ખબર ન થાય એનાથી માફી માંગવું વાજીબ નથી.

ઈન્ન મિન કફફારતિલ ગીબતિ અન્તસ્તગ્ફિર લિમનિગ્તબતહુ તકૂલુ : અલ્લાહુમ્મગ્ફિર લના વલહૂ

તર્જુમો : ગીબતનો કફફારો એ છે કે જેની ગીબત કરી છે એના માટે ઈસ્તિગફાર કરે અને દુઆ કરે કે "અલ્લાહ હમારી અને એમની મગફિરત ફરમાવ."

એક હદીસમાં છે ગિબતનો કફફારો જેની ગિબત કરવામાં આવી છે એના માટે ઈસ્તિગફાર કરે. મુહદ્દીસીને લખ્યુ છે કે આ એવી સુરતમાં છે જયારે એને ખબર ન થઇ હોય અથવા એનો ઈન્તિકાલ થઇ ગયો હોય,હાં જો ખબર થઇ ગઇ હોય તો હવે એનાથી માફી માંગવુ વાજીબ છે, જયાં સુધી માફી નહી માંગશે આ ગુનો માફ નહીં થાય.

(ખઝાઇનુલ હદીસ)

(ખાનકાહે ઈમદાદીયહ અશ્રફિયહ-કશ્કોલે મઅરિફત)

(૩૮૮) એક જરૂરી ફતવો :

સવાલ : બગેર ટોપીકે નમાઝ પઢના કૈસા હે ?

જવાબ : રસુલુલ્લાહ (ﷺ) સે એહરામકી હાલત કે સિવા બગેર ટોપી કે નમાઝ અદા કરના સાબિત નહી, ઈસ લિએ કાહિલી, સુસ્તી ઓર લા પરવાહી કે બિના પર ટોપીકે બગેર નંગે સર (ટોપી બગેર) નમાઝ પઢના મકરૂહે તન્ઝીહી હે, અલ્બત્તા અગર કભી ગલતીસે ટોપી સાથ ન હો ઓર ફોરી તોર પર કિસી જગાહસે મયસ્સર ભી ન હો સકતી હો તો ઈસ સુરત મે નંગે સર નમાઝ પઢને કી વજહ સે કરાહત નહી હોગી. (અદુર્રુલ મુખ્તાર વ હાશિયહ ઇબ્ને આબિદીન (રદુલમુખ્તાર) ૬૪૧/૧) ફતવા.નંબર. ૧૪૪૦૦૧૨૦૦૭૨૮) **(દારૂલ ઇફતાઅ : જામિઅહ ઉલૂમે ઇસ્લામિય્યહ અલ્લામા બિન્નોરી ટાઉન, કરાંચી)**

One important Fatwa

Question : How it is to pray without a cap?
Answer : It has been not proven that the Prophet Muhammad (ﷺ) and companion offer salah without cap except in the state of Ehraam. It is makrooh-e-Tanzihi that you didn't wear the cap only because of laziness and negligence. However by mistake you do not carry cap or it is not easily available at the time of salah that time only you do not feel disgusting to pray without cap. (Addurrul Mukhtaar wa Haashiyaah Ibne aabideen (RaddulMukhtaar) 641/1, Fatwa no. : 144001200728)
(Darul Iftah : Jamiah Islamiyah Allama Binnori Town, Karachi)

(Published by Noorul Islam Education Waqf, Rander.)

(૩૯૦) આંતર રાષ્ટ્રીય તિરસ્કૃત કૃત્ય

બદનઝરી એ એક આંતરરાષ્ટ્રીય નિર્લજ્જ કૃત્ય છે. કુદરતી રીતે (naturally) પ્રત્યેક વ્યક્તિ બદનઝરીને ખરાબ કૃત્ય સમજે છે એટલે સુધી કે અન્યધર્મીઓ પણ પસંદ નથી કરતા કે મારી વહુ, બેટી, બહેન અને માસી ને કોઇ ખરાબ નઝરથી જુએ. આ વાત સત્ય છે કે નૈસર્ગિકતા વિરૂધ્ધ ઝીંદગી ગુજારવાથી શરમ અને હયા ખતમ થઇ જાય છે. ગેરકોમને પણ આ વાત પસંદ નથી કે કોઇ એની બહેન, બેટીને જુએ મુસલમાનને ગૈરત આવવી જોઇએ જેને હમો જોઇએ છીએ તે કોઇની બહેન છે, કોઇની માં છે, કોઇની બેટી છે તો સમજી લેવું જોઇએ કે અલ્લાહને આ કામ પર કેટલી ગૈરત આવતી હશે કે નાલાયક મારી બંદીઓને ખરાબ નઝરથી જોઇ રહયો છે અને પછી વિલાયતનો ખ્વાબ પણ જોઇ રહયો છે કે હું અલ્લાહનો વલી બની જાઉ! આંખોનો ઝીના કરીને તમો વિલાયતનો ખ્વાબ જોઇ રહયા છો આ અશક્ય છે, નઝરથી બચવુ ઘણું મુશ્કેલ છે. પરંતુ એના ઉપર ઘણો અજર (સવાબ) છે એવા લોકોને જલ્દી અલ્લાહ મળી જશે, શોર્ટકટ રસ્તો ઇખ્તિયાર કરો, હવે ઉમરો ઘણી કમ (ઓછી) થઇ ગઇ છે નામહરમોને ન જુઓ. આંખોની હિફાઝતથી સુકુનમાં રહેશો અને જોવાથી બેસુકુન અને બેચેનીમાં સપડાય જશો, અલ્લાહની ણાફરમાનીમાં બેસુકુની છે, બેચેન રહેશો અને નજોવાથી આરામમાંથી રહેશો. ઇઝ્ઝતથી રહો, વકારથી રહો, અને જો તમો જોશો તો તમને પણ કોઇ જોશે કે કોઇને જોઇ રહયો છે, તમે સમજતા હશો કે કોઇ નથી જોઇ રહયો, દા.ત. એર હોસ્ટેસ ને જોશો તો પુરા જહાઝવાળા તમને જોશે કે આ કેવો સુફી છે બા ચઝીદની શકલમાં નંગ ચઝીદ છે યાદ રાખો કોઇ જુએ કે ન જુએ અલ્લાહ તો જોઇ રહયો છે. (ઇરશાદાતે દર્દે દિલ) (ખાનકાહે ઇમદાદીયહ અશરફિયહ-કશ્કોલે મઅરિફત)

(૩૯૧) ખબરદાર ! સમજી લો...

જો તમે કોઇની જમીન, માલ, કારોબાર વગેરે પર કબ્જો કર્યો ઉપરાંત જો વારસાઇમાં ભાઇ બહેનોનો હક દબાવ્યો, ભાગીદારીમાં કે સંબધમાં પાર્ટનરને ધોકો આપી પોતે વધુ બેલેન્સ જમા કર્યુ તો આ ધોકાબાજી અને ચોરીની નહુસતનો સાચો-અસર સદા તમારો પીછો કરતો રહેશે...જેને તમે ભૂત-પલીદનો અસર સમજી રહયા હશો પરંતુ આ કોઇ જીન ભુતનો અસર ન હોઇ શકે બલ્કે તમારા કરતુતો છે જે બલા અને બહારનો અસરના રૂપમાં વળગી રહયા છે.

યાદ રખો ! જયાં સુધી હકદારોને તેનો હક આપવામાં ન આવે ત્યાં સુધી કોઇ વજીફો, કોઇ દુઆ, કોઇ તાવીજ કે અમલ કામ નહી આવે.

જો તમે ઉપરોકત લોકોના હક અદા કરી આપો તો કદાચ તમને વજીફા કે અમલિયાતની જરૂરત પણ પડશે નહી. (મદ્રસહ અસ્હાબે સુફ્ફાહ, કાવી)

Beware ! Try to understand

If you are take over (arrogate) somebody's land, wealth, business and not giving the right of brother and sister in inheritance, betraying the partner in partnership and getting more profit than him then this betraying and theft gives bad effect on your entire life. As you are thinking that this effect is due to the Jinn or evil powers but it is not so, in fact it is effect and result of your bad deeds which has done by you.

Remember ! Until you do not fulfill the right of others, No wajifa, taaveez, or Dua will work. If you fulfill the above stated persons' right then you may be not even need of any wajifa and taaveez. (Madrasa Ashaabe Suffah-Kaavi)

(૩૯૨) માહે શઅબાન :

ઇસ્લામી મહીનાઓમાં આ આઠમો મહીનો છે, આ મહીનો પણ ઘણી બરકત અને ફઝીલતવાળો છે. હુઝુર (ﷺ) એ ફરમાવ્યું "શઅબાન મારો મહીનો છે, અને રમઝાન અલ્લાહનો મહીનો છે." (દયલમી)

જે મહીનાની નિસ્બત નબીએ કરીમ (ﷺ) એ પોતાના તરફ બતાવી છે તે કેટલી મોટી વાત છે, એક હદીસમાં છે કે આપ સલ. આ મહીનાનો ચાંદ જોઇ આ દુઆ પઢતા હતા "અલ્લાહુમ્મ બારિક લના ફી રજબ વ શઅબાન વબલ્લિગના રમઝાન" એ અલ્લાહ! રજબ અને શઅબાનના મહીનામાં હમારા માટે બરકત અતા ફરમાવ અને હમોને ખૈરિયતના સાથે રમઝાન સુધી પહોંચાડી દે. (એટલે કે રમઝાનના ઇસ્તિકબાલ અને એહતેરામની તૌફિક અતા ફરમાવ.)

હઝરત અનસ (رضي الله عنه) ફરમાવે છે કે આ મહીનાનું નામ શઅબાન એટલા માટે રાખવામાં આવેલુ છે કે રોઝહદારની નેકીઓમાં ડાળીઓની જેમ વધારો થાય છે, અને નેકીઓ વધતી જાય છે

હઝરત આયશા રદી. ફરમાવે છે કે મે નબીએ કરીમ (ﷺ) ને શઅબાનના મહીનાથી વધારે રોઝહ રાખતા અન્ય મહીનામાં નથી જોયા.

આ મહીનાના રોઝહની મિસાલ ફર્ઝ નમાઝથી પહેલા સુન્નતો જેવી છે. આ સુન્નતોથી ફાયદો એ થાય છે કે ઇન્સાનનુ દીલ ફર્ઝ નમાઝમાં વધુ લાગે (કેન્દ્રિત થાય) છે એવીજ રીતે શઅબાનમાં રોઝા રાખવાથી નફસને રમઝાનના રોઝહ રાખવાથી મુનાસબત, ઉન્સ અને તઅલ્લુક પૈદા થાય છે.(અઝ: મુફતી ઇસ્માઇલ વાડીવાલા રહ.)

ایک ضروری مسئلہ

سوال : بغیر ٹوپی کے نماز پڑھنا کیسا ہے ؟

جواب : رسولِ اکرم ﷺ سے احرام کی حالت کے سوا بغیر ٹوپی کے نماز ادا کرنا ثابت نہیں ، اس لیے کاہلی، سستی اور لاپرواہی کی بنا پر ٹوپی کے بغیر ننگے سر نماز پڑھنا مکروہِ تنزیہی ہے، البتہ اگر کبھی غلطی سے ٹوپی ساتھ نہ ہو اور فوری طور پر کسی جگہ سے میسر بھی نہ ہوسکتی ہو تو اس صورت میں ننگے سر نماز پڑھنے کی وجہ سے کراہت نہیں ہوگی۔

(الدر المختار و حاشیة ابن عابدین (رد المختار) ۱/۶۴۱)

فتوی نمبر: ۱۴۴۰۰۱۲۰۰۷۲۸

(دارالافتاء : جامعہ علوم اسلامیہ علامہ محمد یوسف بنوری ٹاؤن ، کراچی)

ناشر : نورالاسلام ایجوکیشن وقف ، آملی پورا، راندیر، سورت۔

(૩૯૩) માહે શઅબાનના રોઝહની ફઝીલત

એકવાર હઝ.ઉસામા (ﷺ) એ પુછયું યા રસુલુલ્લાહ(ﷺ)! હું આપને શઅબાનમાં વધારે રોઝહ રાખતા જોઉં છું (એનુ શું કારણ) તો આપ સલ.એ જવાબ આપ્યો કે આ મહીનો એવો છે જે રજબ અને રમઝાનના વચમાં છે. લોકો એની ફઝીલતથી અજાણ છે,

આ મહીનામાં અલ્લાહતઆલાના સામે બંદાઓના અમલો પેશ (રજુ) કરવામાં આવે છે મારી ખ્વાહિશ આ છે કે જયારે મારા અમલો રજુ થાય તો મારી ગણત્રી રોઝહદારોમાં થાય. (નસાઇ) આનાથી શઅબાન મહીનાના રોઝહની ફઝીલતનો અંદાઝો થાય છે.

આ મહીનાની ૧૫મી રાતની જે ફઝીલત છે તે પૂરા મહીનાની નથી. જેને **શબેબરાઅત** (છુટકારાની રાત) કહેવામાં આવે છે. ઉપરાંત આ રાતને લયલતુલ બરાઅહ.. (દોઝખથી છુટકારાની રાત) પણ કહેવામાં આવે છે.

હદીસોમાં એવા બદકિસ્મત લોકોનો પણ ઝિક્ર છે જેમની આ બરકતવંત રાતમાં પણ બખ્શિશ નથી થતી, એ લોકો આ પ્રમાણે છે. મુશરિક, જાદૂગર, કાહિન(ગેબની વાતો બતાવનાર) જલ્લાદ, જબરદસ્તી ટેક્ષ વસુલ કરનાર, જુગાર રમનાર, વાજુ (મ્યુઝીક) વગાડનાર અને એમાં ભાગ લેનાર, શરાબનોઆદી, માં-બાપને સતાવનાર, ઘુંટીઓના નીચે કપડાં પહેરનાર, ઝિનાકાર ઓરત અને ઝિનાકાર મર્દ, લોકોથી કીનો અને બુગ્ઝ રાખવાવાળો, વગર કારણે તઅલ્લુક તોડવાવાળા.

(૩૯૪) શઅબાનની ૧૫મી રાતની ફઝીલત

કુર્આનશરીફમાં અલ્લાહતઆલાએ આ રાતને લયલતુલ મુબારક ફરમાવ્યું છે. કુર્આનશરીફમાં ઇર્શાદ છે આ રાતમાં દરેક હિકમત વાળા કામો અમારા તરફથી નક્કી કરવામાં આવે છે, (સુ.દુખાન)

આ રાતમાં પૂરા વર્ષનો રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. રોઝી, બીમારી, તંદુરસ્તી, તંગી-વિશાળતા, રાહત-તકલીફ મૌત અને પૈદા થવાવાળાનો વખત લખી આપવામાં આવે છે.

એક રિવાયતમાં છે કે શઅબાનની ૧૫મી રાતના મલિકુલ મૌત (મૌતના ફરિશ્તા)ને એક લિસ્ટ આપવામાં આવે છે અને હુકમ આપવામાં આવે છે કે પૂરા વરસમાં મરનારાઓના નામ નોંધ કરી લો, કોઇ માણસ ખેતી કરે છે, કોઇ નિકાહ કરે છે, કોઇ બિલ્ડીગ બનાવવામાં મશ્ગુલ છે - પરંતુ એને ખબર નથી કે એનુ નામ મુરદાઓની લિસ્ટમાં લખાયેલું હોય છે.

એક હદીસમાં છે કે અલ્લાહતઆલા ચાર રાતોમાં બંદાઓ પર રહમત અને ખૈરના દરવાજા ખોલી આપે છે. અને આ રહમતનો મામલો સવારની અઝાન સુધી રહે છે. તે રાતો આ છે.

(૧) ઇદુદ્દુહાની રાત (૨) ઇદુલફિત્રની રાત (૩) શઅબાનની પંદરમી રાત. (૪) અરફહની રાત

આ રાતનું નામ શબેબરાઅત (છુટકારાની રાત) એટલાજ માટે રાખવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહતઆલા ગુનેહગારોને જહન્નમના અઝાબથી મુકત કરી આપે છે. (બયહકી)

(શબે બરાઅતની ફઝીલત, અઝ:મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.)

(૩૯૫) શઅબાનની ૧૫મી રાત કેવીરીતે ગુઝારવી :

(૧) આ રાતમાં ઇબાદત અને ઝિક્ર તિલાવત કરવા માટે ગુસલ કરી લેવું મુસ્તહબ છે, (૨) ઇશા અને ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરવી. (૩) જેટલી સહુલત અને આસાનીથી થઇ શકે આ રાત નવાફિલ અને ઝિક્ર તિલાવતમાં ગુઝારે, (૪) કોઇ માણસ ગલત વસ્તુઓથી બચીને કબ્રસ્તાન જવા ચાહે તો જઇ શકે છે. (૫) સિહત-આફિયત, રહમત-બખ્શિશ, અને દરેક જાઇઝ મકસદ માટે ખુબ દુઆ કરે. (૬) શઅબાનની ૧૫મી તારીખનો રોઝો રાખવો. (૭) જે ગુનાહોની નહુસત આ મુબારક રાતોની બરકતથી મહરૂમ કરી આપે એનાથી બચે અને સાચા દિલથી તૌબા કરે અને બીજા ગુનાહોથી પણ તૌબા કરે. **(અઝઃ શબે મગફિરત પેજ/૧૬ – મુફતી અ.રઉફ સખ્ખરવી સા.)** (૮) આ રાતમાં કબ્રસ્તાનમાં જઇ મર્હુમો માટે દુઆ કરે, અને એમને પઢીને બક્ષી આપે, પરંતુ જમાઅત (ટોળું) બનીને ન જવું જોઇએ, મતલબ કે કોઇ પ્રકારના આયોજન વગર પોત પોતાની રીતે જવુ જોઇએ, સુન્નત આજ પ્રમાણે છે. અસલ મકસદ મુરદાઓના માટે ઇસાલે સવાબ છે. (૯) આ રાતમાં જાગીને ઇબાદત કરવું અફઝલ છે, ચાહે એકાંતમાં હોય કે જાહેરમાં. પરંતુ સામુહિક ઇબાદતનો પ્રબંધ કરવો જોઇએ નહી. (૧૦) નફલ નમાઝોમાં લાબા લાબા સજદા કરવા અને દુઆઓ કરવી.(સલાતુત્તસબીહ અદા કરવી)

(અઝ : બારહ મહીનેકે ફઝાઇલ,દા.ઉ.કંથારીઆ)

(૩૯૬) શઅબાનની ૧૫મી રાતના અમલ:

હઝ. અલી (ﷺ) ફરમાવે છે કે નબીએ કરીમ (ﷺ) એ ઇરશાદ ફરમાવ્યું કે જયારે શઅબાનની ૧૫મી રાત હોય તો એ રાતના ઇબાદત કરો! દિવસના રોઝો રાખો. એ રાતના અલ્લાહતઆલા મગરિબથી આસમાને દુનિયા પર પોતાની રહમતો સાથે ઉતરે છે અને ઇરશાદ ફરમાવે છે કે “કોઇ બખ્શિશનો તલબગાર છે જેને હુ બક્ષી આપુ, છે કોઇ રોઝીનો તલબગાર કે એને રોઝી આપુ, છે કોઇ મુસીબતઝદા કે એને આફિયત આપુ.” આ એલાન સુબ્હેસાદિક સુધી રહે છે. (ઇબ્ને માજહ)હઝ.અબૂબકર સિદ્દીક (ﷺ) ફરમાવે છે કે નબીએ કરીમ (ﷺ) એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શઅબાનની ૧૫મી રાતના આસમાને દુનિયા પર નુઝૂલ ફરમાવે છે, અને જે ગુનેહગાર પોતાના ગુનાહોની માફી માંગે છે તો એની મગફિરત ફરમાવે છે પરંતુ મુશ્રિકની મગફિરત નથી કરતા, કીનો રાખનાર,અદાવત અને દુશ્મની રાખનારની પણ મગફિરત નથી ફરમાવતા. (બયહકી)

આ રાતમાં નફિલ નમાઝના સિજદામાં આપ સલ.થી નીચેની દુઆ પઢવા માટે બયાન કરવામાં આવ્યું છે.

અઉઝુ બે અફવિક મિન ઇકાબીક	اَعُوْذُ بِعَفْوِکَ مِنْ عِقَابِکَ
વ અઉઝુ બેરિઝાક મિન સખતિક	وَاَعُوْذُ بِرِضَاکَ مِنْ سَخَطِکَ
વ અઉઝુબેક મિન્ક જલ્લ વજહુક	وَاَعُوْذُبِکَ مِنْکَ جَلَّ وَجْهُکَ
અલ્લાહુમ્મ લા ઉહસી સનાઅન અલય્ક	اَللّٰهُمَّ لَآاُحْصِیْ ثَنَآءً عَلَيْکَ
અન્ત કમા અસ્નય્ત અલા નફસિક.	اَنْتَ کَمَآ اَثْنَيْتَ عَلٰى نَفْسِکَ ط

આપ સલ.એ હઝરત આયશા રદી.ને ફરમાવ્યું કે આ દુઆ તમે પોતે પણ શીખી લો અને બીજાઓને પણ શિખવાડો કારણકે હઝ.જીબ્રઇલ અલ. એ મને આ દુઆ શીખવી છે, અને સિજદહમાં વારંવાર મને પઢવાનો હુકમ આપ્યો છે.

(શબે બરાઅતની ફઝીલત, અઝઃ મુફતી ઇસ્માઇલ વાડીવાલા રહ.)

(૩૯૭) વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા

દરેક ધર્મના ધર્મપુસ્તકોનો અભ્યાસ કરતાં વિના સંકોચે કહી શકાય કે જગતમાં જે પરિવર્તનો ઉદભવે છે પછી તે સનસનાટી ભર્યા બનાવો હોય, ભાવ વધારાની સમસ્યાઓ માનવીને બેચેન કરતી હોય,ખુન અને લૂંટના બનાવો શાંત વાતાવરણને ભયભીત અને અસ્ત વ્યસ્ત કરતા હોય,જાન માલની બરબાદી હૃદય પર ભય અને નિરાશા સર્જતી હોય, આગ કે લૂંટફાટ ની ઘટનાઓ હોય આ અને આવી અનેક મુસીબતોનું મૂળ કારણ નિશંક માનવીના દુષ્કૃત્યોનું જ પરિણામ છે. નિર્લજ્જતા અને વ્યભિચારથી પ્લેગ જેવા ભયંકર રોગો નાંખવામાં આવે છે,લાંચ,રૂશ્વત વધી જાય તો મૃત્યુ અને અકસ્માતો ખૂબ વધી જાય છે, જ્યારે લોકો દ્વારા બીજાઓ પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરવામાં ન આવે, અત્યાચારો, અન્યાય, માપ, તોલ માં વધઘટ કરે આવા કૃત્યોથી દુકાળની મુસીબતમાં લોકો સપડાય છે. નોકરી કે શ્રમિકને જેટલો સમય ફાળવવામાં આવ્યો હોય તેમાંથી સમય ચોરવું,પોતાની ફરજ પ્રત્યે બેકાળજી રાખવી આ બધી બાબતો પર આપણે એક નજર નાખીએ તો આપણુ મસ્તક શરમથી ઝુકી જાય છે અને પરિણામ આવા વિકૃત સ્વરૂપો ધારણ કરી રહયા છે. તે બધાથી મૂકિતો માત્ર એકજ માર્ગ છે કે કુદરતે નકકી કરેલ સીમા મર્યાદાઓને ઘ્યાનમાં રાખી જીવન પસાર કરવામાં આવે. મંદીર, મસ્જિદ, ગુરૂદ્વાર, ચર્ચ,વગેરે પ્રાર્થનાસ્થાનોમાં સામુહિક રીતે હૃદયપૂર્વક સર્જનહાર સમક્ષ પ્રાર્થના અને ગુનાહો માટે પ્રશ્ચાતાપ કરવામાં આવે.

(અઝ ઇફાદાત : મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સા.રહ.)

(૩૯૮) : ઝકાતનો નિસાબ :

જેની પાસે સાડાસાત તોલા સોનું, અથવા સાડાબાવન તોલા ચાંદી (હાલનાં વજન પ્રમાણે લગભગ 87½ ગ્રામ સોનું અથવા 612½ ગ્રામ ચાંદી) અથવા એ બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર રોકડ રકમ હોય અથવા વેપાર માટેનો માલ હોય તો તેના ઉપર ઝકાત ફર્ઝ છે. વર્ષ પુરૂં થયે સેંકડે અઢી રૂપિયા (2½%) ના હિસાબથી ઝકાત કાઢવી જોઇએ. અગર કર્ઝ હોય તો કર્ઝ બાદ કરી સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર રોકડ રકમ બાકી રહે અથવા વેપાર માટેના માલની કિંમત બાકી રહે તો તેના ઉપર ઝકાત લાઝીમ થશે. (હિદાયહ)
લગાવવામાં ગરીબોના ફાયદાનો ખ્યાલ રાખવો જોઇએ અને અગર સોના ચાંદી બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર પણ નિસાબ ન થતો હોય તો ઝકાત લાઝિમ થશે નહી. વેપાર માટેનો માલ જે વેચવા અને નફો મેળવવા માટે હોય એવા દરેક પ્રકારનાં વેપાર માટેના માલ પર ઝકાત ફર્ઝ છે. (હિદાયહ) (અઝ કિતાબ અરકાને ઇસ્લામ : મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.રાંદેર.)

(૩૯૯) ઝકાત અદા કરવાનો તરીકો

વર્ષ પુરૂં થયે હિસાબ કરી જેટલી ઝકાત લાઝિમ થતી હોય તે રકમ કોઇ ગરીબને કોઇ કામનાં ઇવઝ(બદલા)વગર આપી માલિક બનાવી દેવામાં આવે, પગાર તરીકે કે મહેનતાણામાં ઝકાત આપવાથી ઝકાત અદા થશે નહી ગરીબને ઝકાત દેતી વખતે અથવા પોતાનાં માલમાંથી ઝકાતની રકમ અલગ કરતી વખતે નિય્યત કરવું જરૂરી છે.દિલમાં એ પ્રમાણે નિય્યત કરી લેવામાં આવે કે આ ઝકાતની રકમ છે. ગરીબને ઝકાતની રકમ છે,એમ કહેવું જરૂરી નથી. બલકે દિલમાં ઝકાતની નિય્યત કરી ઇંદી કે બખ્શિસ તરીકે આપવામાં આવે તો પણ દુરૂસ્ત છે.

મસ્અલો:- જે જગ્યાએ માલ હોય તે જગ્યાએ માલની જે કિંમત ચાલતી હોય ત્યાંની કિંમતના હિસાબે જકાત અદા કરવી જરૂરી છે. (શામી ૨૪/૨)

ઝકાતના હકદારો :- (૧) ફકીર જેનાં પાસે નિસાબથી ઓછો માલ હોય (૨) મિસ્કીન જેનાં પાસે કંઇ ન હોય (૩) કર્જદાર જેનાં ઉપર લોકોના કર્જ હોય અને તેના પાસે પોતાનાં કર્ઝથી વધુ નિસાબ બરાબર માલ ન હોય (૪) ફી સબીલીલ્લાહ જે લોકો અલ્લાહની ઇબાદત અને નેક રસ્તામાં લાગેલા છે જેવી રીતે દીની ઇલ્મ શીખનાર વિગેરે. (બદાએ ઉસ્સનાએઅ) (૫) મુસાફિર જેનાં ઘરે તો માલ હોય પરંતુ સફરમાં મોહતાજ થઇ ગયો હોય તો તેને જરૂરત પ્રમાણે ઝકાત આપવી દુરૂસ્ત છે. (અઝ કિતાબ અરકાને ઇસ્લામ:મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(૪૦૦) જે લોકોને ઝકાત આપવું જાઇઝ નથી:

(૧) માલદાર કે જેનાં ઉપર ઝકાત ફર્ઝ હોય અથવા નિસાબની કિંમત બરાબર પોતાની જરૂરતથી વધારે કોઇપણ માલ હોય (૨) કાફિર (૩) માલદારની નાબાલિગ અવલાદ (૪) પોતાનાં બાપ, માં, દાદા, દાદી, નાના, નાની, વિગેરે (૫) પોતાની અવલાદ જેમકે છોકરો, છોકરી, પૌત્ર, પૌત્રી, નવાસો નવાસી વિગેરે. મતલબ કે જેઓ સાથે પેદાઇશની સગાઇ હોય તેમને ઝકાત આપવું દુરૂસ્ત નથી. (૭) સૈયદને ઝકાત આપવું દુરૂસ્ત નથી, નફલી ખૈર ખૈરાત આપી શકાય છે (૮) જેનો કોઇ માલિક થતું ન હોય એવા કામોમાં ઝકાત ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહી. જેવી રીતે કે ઝકાતનાં માલથી મસ્જીદ બનાવવું, મૈયતનાં કફન દફનમાં રકમ ખર્ચ કરવું, મૈયતનું કર્ઝ અદા કરવું અલબત્ત પહેલા કોઇને માલીક બનાવી દેવામાં આવે અને તે પોતાનાં તરફથી મસ્જીદમાં તેમજ કફન-દફન વિગેરેમાં એ માલ ખર્ચ કરે તો એ પ્રમાણે દુરૂસ્ત છે. (બહરૂર્રાઇક, શામી) (અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)